RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 258* Date: 15.07.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નવા કેસોમાં ૭ હજારથી વધુનો ઉછાળો થતા ફફડાટ

# દેશમાં કોરોનાના ૩૮,૭૯૨ નવા કેસ, ૬૨૪ દર્દીએ ગુમાવ્યો જીવ

ન્યુ દિલ્હી,તા.૧૪

ફરી એકવાર દેશમાં કોરોનાના નવા કેસમાં મોટો ઘટાડો નોંધાયા બાદ ફરી નવા કેસમાં વધારો થયો છે. ગઈકાલની સરખામણીમાં આજે ૭૦૦૦ જેટલા નવા કેસ વધ્યા છે. બીજી તરફ મૃત્યુઆંક ઘટીને ૧૦૦૦ની અંદર પહોંચી ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૮,૭૯૨ કેસ નોંધાયા છે. જ્યારે મૃત્યુઆંક ઘટીને ૬૨૪ પર પહોંચ્યો છે. ગઈકાલે મૃત્યુઆંક ૨૦૨૦ પર પહોંચી જતા ચિંતા વધી હતી, જોકે, આજે ફરી સ્થિતિ કાબૂમાં આવી ગઈ છે.

ભારતમાં કોરોનાના વધુ ૪૧,૦૦૦ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૧,૦૪,૭૨૦ થઈ ગઈ છે, જ્યારે કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા ૩,૦૯,૪૬,૦૭૪ થઈ ગઈ છે. કોરોનાના સાજા થયેલા દર્દીઓની સંખ્યા સતત વધવાના કારણે એક્ટિવ કેસ ઘટીને ૪,૨૯,૯૪૬ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૧૧,૪૦૮ દર્દીઓના મોત થઈ ગયા છે.

દેશમાં કોરોનાને હરાવવા માટે ચાલતા રસી અભિયાનમાં ગઈકાલે વધુ ૩૭,૧૪,૪૪૧ ડોઝ આપવામાં આવ્યા છે, જેની સાથે કુલ ડોઝની સંખ્યા વધીને ૩૮,૭૬,૯૭,૯૩૫ થઈ ગઈ છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૩ જુલાઈ સુધીમાં કુલ ૪૩,૫૯,૭૩,૬૩૯ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૯,૧૫,૫૦૧ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

કોરોનાની બીજી લહેર નબળી પડ્યા બાદ હરિયાણાની સ્થિતિ પડોશી રાજ્યો કરતા સારી છે. પંજાબ, યુપી, હિમાચલ અને દિલ્હીની સરખામણીએ હરિયાણાનો રિકવરી દર વધારે છે. સાથે સંક્રમણનો દર ઓછો છે. સ્વાસ્થ્ય વિભાગના આંકડા મુજબ હરિયાણાનો રિકવરી દર ૯૮.૬૪ ટકા છે. જ્યારે તેની



સરખામણીએ દિલ્હીમાં ૯૮.૨ , હિમાચલ પ્રદેશનો ૯૭.૭ , ઉત્તર પ્રદેશનો ૯૮.૬ અને પંજાબનો ૯૭ ટકા છે. મૃત્યુદરની વાત કરીએ તો હરિયાણામાં ૧.૨૪ ટકા છે. બીજા રાજ્યોમાં પંજાબની ૨.૭ , દિલ્હીનો ૧.૭ , હિમાચલ પ્રદેશનો ૧.૭ અને યુપીનો ૧.૩ ટકા છે.

### ગૃહ મંત્રાલયનો તમામ રાજ્યોને આદેશ

## કોરોનાના નિયમોનું પાલન ન થાય ત્યાં ફરીથી પ્રતિબંધો મૂકવામાં આવે

**લોકોને ત્રીજી લહેરની ગંભીરતા અને જવાબદારીનું ભાન નથી, ગૃહ સચિવ અજય ભલ્લા દ્વારા લખવામાં આવેલા પત્રમાં પહાડો પર પર્યટકોની ભીડનો પણ ઉલ્લેખ કરાયો**

### વધતી મોંઘવારી વચ્ચે મોદી સરકારની કર્મચારીઓને ભેટ

## કેન્દ્રીય કર્મચારીઓનો બખ્ખા: મોંઘવારી ભથ્થુ વધારીને ૨૮% કરાયું

*ન્યુ દિલ્હી,તા.૧૪*

લાંબા સયમથી મોંઘવારી ભથ્થાની રાહ જોઈ રહેલાં કેન્દ્રીય કર્મચારીઓ માટે સારા સમાચાર છે. સરકારે ડીએ અને ડીઆર પર લાગેલી રોક હટાવવાનો નિર્ણય લીધો છે. જેમાં ૧૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેનાથી ૬૦ લાખ પેન્શનર્સ અને ૫૨ લાખ કેન્દ્રીય કર્મચારીઓને ફાયદો થશે. પીએમ મોદીની આગેવાનીમાં બુધવારે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. કોવિડ-૧૯ મહામારીના કારણે સરકારે કેન્દ્રીય કર્મચારીઓના ડીએ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થા પર રોક લગાવી હતી. હવે ૧ જુલાઈથી આ લાગુ થશે. સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને આ જાણકારી આપી છે. તેઓએ કહ્યું કે, ડીએ ૧૭ ટકા વધારીને ૨૮ ટકા કરવાનો નિર્ણય લેવાયો છે. આનાથી સરકારી તિજોરી પર વર્ષે ૩૪,૪૦૧ કરોડ રૂપિયો ભાર વધશે. કરોનાના કારણે કેન્દ્ર સરકારે કર્મચારીઓ અને પેન્શનર્સધારકોને ૧ જાન્યુઆરી ૨૦૨૦, ૧ જુલાઈ ૨૦૨૦ અને ૧ જાન્યુઆરી ૨૦૨૧એ આપેલુ મોંઘવારી ભથ્થુ મોંઘવારી રાહતના ત્રણ હપ્તા પર રોક લગાવી હતી. ત્રણેય હપ્તા મળને કુલ ડીએ વધારીને ૨૮ ટકા થઈ જશે. આનાથી ૫૦ લાખથી પણ વધારે કર્મચારીઓ અને ૬૦ લાખ પેન્શનર્સને ફાયદો થશે.

કેન્દ્ર સરકારે ગામડાઓ માટે એક મોટું પગલું ઉઠાવ્યું છે. સરકારે પશુઓ માટે એમ્બ્યુલન્સ ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગામડાઓ માટે બીજો મોટો નિર્ણય લેવાયો છે આ પહેલાની કેબિનેટની બેઠકમાં ગામડાઓમાં હાઈ સ્પીડ ઈન્ટરનેટ સુવિધાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રીય કેબિનેટના નિર્ણયોની જાણકારી આપતા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે પશુપાલન અને બીજા ક્ષેત્રોને ફાયદો પહોંચાડવામાં આવશે.

તેમણે કહ્યું કે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બ્રીડનો વિકાસ કરવામાં આવશે, પશુઓ માટે એમપ્યુલન્સ ચલાવવામાં આવશે. ઠાકુરે જણાવ્યું કે કેન્દ્ર સરકારે પશુઓ માટે એમ્બ્યુલન્સ ચલાવવા માટે ૯૮૦૦ કરોડનું ફંડ પુરુ પાડશે હકીકતમાં આ યોજના ૫૪ હજાર કરોડની છે. કેન્દ્ર સરકારે નેશનલ આયુષ મિશનને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાનો પણ નિર્ણય કર્યો છે. જે હેઠળ આયુષ પ્રણાલીની શિક્ષણ, પ્રશિક્ષણનું વિસ્તરણ કરવામાં આવશે. આ યોજના હેઠળ ૧૨ હજાર આયુષ હેલ્થવેલનેશન સેન્ટર બનાવવામાં આવશે તથા ૬ આયુષ કોલેજ બનાવાશે. ૧૨ પીજી ઈન્સ્ટીટ્યુટ બનાવવામાં આવશે. કેન્દ્ર સરકારે દેશના અલગ અલગ હિસ્સામાં કોર્ટ હોલ બનાવવા, કોર્ટમાં સુવિધાઓ વધારવા તથા માળખાકીય સુવિધાઓ વધારવાનો પણ નિર્ણય કર્યો છે.

*ન્યુ દિલ્હી,તા.૧૪*

કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લાએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાઠવેલા પત્રમાં જણાવ્યું કે હજુ કોરોનાની બીજી લહેર પૂરી થઈ નથી. તમામ રાજ્યોએ ભીડને કાબૂમાં લેવાના પગલાં ભરવા જોઈએ. કોરોના પ્રતિબંધોમાં છૂટને જરા પણ અવકાશ નથી.

અજય ભલ્લાએ રાજ્યોના મુખ્ય સચિવોને પાઠવેલા પત્રમાં જણાવ્યું કે સ્થાનિક વહિવટી તંત્રને ભીડને નિયંત્રીત કરવા તથા કોરોનાના વ્યવસ્થાપન માટે જરુરી પગલાં ભરવાનો આદેશ આપવો જોઈએ. દેશમાં કોરોનાના નિયમોમાં થઈ રહેલા ભંગના મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકારે જણાવ્યું કે લોકો ત્રીજી લહેરની આગાહીને હવામાનની આગાહી જેવી ગણી રહ્યાં છે.

પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયને સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું કે જુલાઈમાં કોરોનાના અંદાજે ૭૩.૪ ટકા કેસો કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઓડિશામાં નોંધાયા છે. તેમણે વધારે એવી જાણકારી આપી કે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, આસામ સહિત ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રીય ટીમો મોકલવામાં આવી છે.

તેમણે કહ્યું કે મણીપુર, મિઝોરમ, ત્રિપુરા, અરુણાચલપ્રદેશ, જેવા બીજા કેટલાક રાજ્યોમાં કેસોમાં નજીવો વધારો થઈ રહ્યો છે. જ્યારે લોકો ત્રીજી લહેર વિશે વાતો કરતા હોય છે ત્યારે તેઓ તેને હવામાનની આગાવી જેવી ગણી રહ્યાં છે અને તેની ગંભીરતા તથા જવાબદારીનો તેમને કોઈ ખ્યાલ હોતો નથી. નીતિ આયોગના મેમ્બર ડોક્ટર વી.કે પોલે જણાવ્યું કે વિશ્વમાં ત્રીજી લહેર ચાલી રહી છે અને ભારતમાં આ લહેર ન આવે તેની ખાતરી રાખવા માટે આપણા સહુએ પ્રયાસ કરવો પડશે. વિશ્વ ત્રીજી લહેરનું સાક્ષી બની રહ્યું છે ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ન આવે તેનું ધ્યાન રાખવા માટે આપણે સહુએ હાથ મિલાવવા પડશે. તેમણે કહ્યું કે આજે પ્રધાનમંત્રીએ સ્પસ્ટ શબ્દોમાં કહ્યું કે દેશમાં ત્રીજી લહેરની ચર્ચા કરવાને બદલે આપણે તેને દૂર રાખવાના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રીય કરવું જોઈએ.

### અત્યાર સુધી દેશમાં કપ્પા વેરિયન્ટના ૭ કેસ નોંધાયા

## નવું સંકટ: રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના નવા વેરિઅન્ટ મળ્યા

લખનઉ/જયપુર,તા.૧૪

વિશ્વભરમાં કોરોનાએ હાહાકાર મચાવેલો છે. ચિંતાની વાત એ છે કે કોરોના વાયરસ સતત પોતાનું સ્વરૂપ બદલી રહ્યો છે. કોરોના વાયરસના નવા નવા વેરિયન્ટ સાયન્સ અને સાયન્ટિસ્ટને પડકાર આપી રહ્યા છે. ડેલ્ટા પ્લસ વેરિયન્ટના વધતા કેસની વચ્ચે દેશમાં અત્યારે કોરોનાના કપ્પા વેરિયન્ટના ૭ કેસ મળ્યા છે. આ કેસો રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં મળ્યા છે. ડેલ્ટાની માફક કપ્પા પણ કોરોના વાયરસનું ડબલ મ્યુટેન્ટ છે.



રાજસ્થાનની રાજધાની જયપુરની એસએમએસ મેડિકલ કૉલેજ, દિલ્હીની એક લેબ અને પુણેના નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑપ વાયરોલોજીમાં જીનોમ સીક્વન્સિંગ એટલે કે વેરિયન્ટની ઓળખ માટે કોરોનાના પોઝિટિવ સેમ્પલ મોકલે છે. આ ક્રમમાં બીજી લહેર દરમિયાન ૧૭૪ સેમ્પલ મોકલવામાં આવ્યા હતા. આમાંથી ૧૬૬ સેમ્પલ ડેલ્ટા વેરિયન્ટના અને ૫ કપ્પા વેરિયન્ટના મળ્યા છે. આ જ રીતે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌની કિંગ જ્યોર્જ મેડિકલ કૉલેજમાં ૧૦૯ સેમ્પલની જિનોમ સીક્વન્સિંગમાં ૧૦૭ સેમ્પલ ડેલ્ટા પ્લસ અને ૨ સેમ્પલ કપ્પા વેરિયન્ટના નીકળ્યા.

ડેલ્ટા, ડેલ્ટા પ્લસ અને લેમ્બ્ડા બાદ હવે કપ્પા નામના આ વેરિયન્ટે લોકોની ચિંતા વધારી દીધી છે. કપ્પા વેરિયન્ટની વાત કરીએ તો તે ડબલ મ્યુટેન્ટ વેરિએશન એટલે કે બે બદલાવોથી બન્યો છે. આને ભ.૧.૬૧૭.૧ના નામથી પણ ઓળખવામાં આવે છે. વાયરસના આ ૨ મ્યુટેશનને E484Q અને L453Rના નામે ઓળખવામાં આવે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના જણાવ્યા પ્રમાણે, કપ્પા વેરિયન્ટ ભારતમાં જ પહેલીવાર ઑક્ટોબર ૨૦૨૦માં ઓળખાયો હતો.

કપ્પા ઉપરાંત ડેલ્ટા વેરિયન્ટ પણ સૌથી પહેલા ભારતમાં મળ્યો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આને ૪ એપ્રિલ ૨૦૨૧ના વેરિયન્ટ ઑફ ઈન્ટરેસ્ટ જાહેર કર્યો હતો. કપ્પા વેરિયન્ટને વિશ્વ આરોગ્ય સંસ્થાએ ‘વેરિયન્ટ ઑફ કન્સર્ન’ની જગ્યાએ ‘વેરિયન્ટ ઑફ ઈન્ટરેસ્ટ’ જાહેર કર્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણે આ વેરિયન્ટ અનેક દેશોમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન અથવા કોરોના કેસોના ક્લસ્ટર બનાવવા માટે જવાબદાર થઈ શકે છે.

### સંસદના ચોમાસુ સત્રના એક દિવસ પહેલા

## ૧૮ જુલાઈએ સર્વપક્ષીય બેઠક મળશે

ન્યુ દિલ્હી,તા.૧૪

સંસદનુ ચોમાસુ સત્ર ૧૯ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યુ છે અને તેના એક દિવસ પહેલા સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ બધા રાજકીય પક્ષોની બેઠક બોલાવી છે. આ વિશે માહિતી આપીને પ્રહલાદ જોશીના કાર્યાલય તરફથી જણાવવામાં આવ્યુ છે કે સર્વપક્ષીય બેઠક ૧૯ જુલાઈએ સવારે ૧૧ વાગે રાખવામાં આવી છે. વળી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પણ ૧૮ જુલાઈએ જ સંસદ ભવનમાં સંસદના નેતાઓની સર્વપક્ષીય બેઠક બોલાવી છે. જણાવવામાં આવી રહ્યુ છે કે સર્વપક્ષીય બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ હાજર રહી શકે છે. માનવામાં આવી રહ્યુ છે કે દેશની રાજધાની દિલ્લીમાં છેલ્લા લગભગ ૮ મહિનાઓથી ચાલી રહેલ ખેડૂતના આંદોલન અને સતત વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવ, મોંઘવારી અને કોરોના વાયરસ મહામારીના મુદ્દાઓ માટે સંસદનુ ચોમાસુ સત્ર હંગામેદાર રહી શકે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૪૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૮૨૪૩૪૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૭૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૮૧૩૫૮૩**

### લશ્કરના પાકિસ્તાની કમાન્ડર એજાજ અબુ હુરૈરા પણ હણાયો

## સુરક્ષાદળો આકરા પાણીએ: પુલવામામાં 3 આતંકી ઠાર

પુલવામા,તા.૧૪

જમ્મુ-કાશ્મીરના પુલવામા સેક્ટરમાં બુધવારની સવારે ભારતીય સુરક્ષાદળો અને આતંકવાદીઓની વચ્ચે અથડામણ થઈ. મળતી માહિતી પ્રમાણે ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. તેમાં પાકિસ્તાની લશ્કર કમાન્ડર એઝાઝ ઉર્ફે અબુ હુરૈરા પણ સામેલ છે, બાકીના બે સ્થાનિક આતંકી છે. જ્યારે અન્ય આતંકવાદીઓની શોધખોળ ચાલી રહી છે. વિસ્તારમાં સર્ચ ઑપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. જાણકારી પ્રમાણે ભારતીય સુરક્ષાદળોને ખુફિયા જાણકારી મળી હતી કે પુલવામા સેક્ટરમાં કેટલાક આતંકવાદીઓ છૂપાયા છે.

ખુફિયા જાણકારીના આધાર પર સુરક્ષાદળોએ સ્થાનિક પોલીસ સાથે મળીને વિસ્તારમાં સર્ચ ઑપરેશન શરૂ કર્યું. કહેવામાં આવી રહ્યું છે કે ખુદને ઘેરાતા જોઈને આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કર્યું અને વિસ્તારમાં ક્યાંક છૂપાઈ ગયા. અત્યાર સુધીની જાણકારી પ્રમાણે ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે, જ્યારે કેટલાક આતંકવાદી અત્યારે પણ વિસ્તારમાં છૂપાયા છે. બીજી તરફ ઉત્તર પ્રદેશ ATSને મોટી સફળતા મળી છે.

ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે થયેલી અથડામણમાં પણ ૬ આતંકવાદીઓ ઠાર મરાયા હતા. સુંદરબની ખાતે ૨ પાકિસ્તાની આતંકવાદીઓ સહિત કુલ ૬ આતંકવાદીઓને સેનાએ ગોળીઓથી વીંધી નાખ્યા હતા. સેનાએ એલઓસી પાસે આવેલા રાજોરી જિલ્લાના સુંદરબની સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયત્ન નિષ્ફળ બનાવીને ૨ પાકિસ્તાની આતંકવાદીઓને ફૂંકી માર્યા હતા. આ અથડામણમાં નાયબ સૂબેદાર સહિત ૨ જવાન પણ શહીદ થયા હતા જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયો હતો.

ગત ૨૯ જૂનના રોજ સુંદરબની સેક્ટરના દાદલ ગામમાં સંદિગ્ધો જોવા મળ્યા હતા જેમને શોધવા માટે સમગ્ર ક્ષેત્રમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# બેહદ બની રહેલા તાપમાનના કેવા માઠા પરિણામો આવશે......?

વિશ્વમાં દિવસે દિવસે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને તેનું કારણ છે નફો અને સમૃદ્ધિની લાલચમાં માનવજાત કુદરતી સંસાધનોનુ સતત નિકંદન કાઢી રહી છે તે છે. પ્રકૃતિ વિવિધ પ્રકારે માનવજાતને ચેતવણી આપી રહી છે. માનવ જાત સામે એક પ્રકારનો રોષ પણ વ્યક્ત કરી રહી છે..... છતાં કુદરતી સંસાધનોનુ નિકંદન કાઢી નાખવા આમ માનવજાત અટકતી નથી. તેમા પણ ગરમીથી બચવા વાતાવરણ ઠંડુ રાખવા વિશ્વભરમા ૩૬૦ કરોડથી પણ વધુ એસી કે ફ્રીઝનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તો વિવિધ પ્રકારના વાહનો અને વિમાનો હવામાં એટલા મોટા પ્રમાણમાં કાર્બન છોડી રહ્યા છે કે તેની અસર ગ્લોબલ વોર્મિંગને વધુ શક્તિશાળી બનાવી રહ્યા છે. અને તેમાં તેમની સાથે જોડાયેલા રહે છે જળ અને વાયુ પ્રદૂષણ ઓકતા ઉદ્યોગો. આ તમામ બાબતો વિશ્વભરના બરફાચ્છાદિત રહેલા વિસ્તારો, ફળદ્રુપ જમીનો ધરાવતા વિસ્તારો, જંગલો, વૃક્ષ આચ્છાદિત વિસ્તારો સમગ્ર જીવ-જંતુ, પશુ-પક્ષીઓ અને માનવજાતને મોટા પ્રમાણમાં નુકસાન દેહી અસર કરી રહ્યા છે. છતા માનવજાત આ બાબતોને સમજવા તૈયાર નથી પરિણામે અનેક કુદરતી આફતો વિવિધ રૂપે ત્રાટકી રહી છે. તેમા તાજેતરમાં બેહદ વધી પડેલી ગરમીએ વિશ્વના અનેક દેશોની માનવજાત, પશુ- પક્ષીઓનું જીવન આકરુ બનાવી દીધું હતું અને કેટલાક માનવીઓ મોતને ભેટ્યા છે.....છતાય વિશ્વના દેશોની વિકાસની આંધળી દોડ તથા એક બીજા દેશો વચ્ચેની સ્પર્ધા યથાવત રહી છે આવા દેજો માનવજાતને થઈ રહેલા નુકસાનને સમજવા તૈયાર નથી.....! તેવું તેમની સતત ચાલી રહેલી વિકાસની આંધળી દોટમા સ્પષ્ટ અનુભવાઈ રહ્યું છે. મતલબ કોઈપણ દેશ માનવજાત, પશુપક્ષીઓ કે જીવ- જંતુઓને તથા વૃક્ષો કે ઓગળતા બર્ફીલા વિસ્તારોને બચાવી લેવા તૈયાર થયા નથી કે પછી જે તે દેશની સરકારને આ બાબતની કંઈ પડી નથી......!

તાજેતરમાં ભારતમાં વર્ષાઋતુએ મોડા મોડા પણ પગરણ માંડ્યા છે. લોકોના હૈયે તે કારણે ટાઢક વળી છે. પરંતુ ગુજરાતમાં ચોમાસું ખેંચાઇ જતાં ૪૦ ડિગ્રી ગરમી વધી ગઈ અને તેમાં ભેજયુક્ત યુક્ત ગરમી....એટલે લોકો ત્રસ્ત થઇ ગયા હતા. જોકે ગુજરાતમાં વધુમાં વધુ ગરમી ૪૫ ડિગ્રીની આસપાસ રહે છે અને શિયાળામાં ઓછામાં ઓછુ તાપમાન ૮ ડિગ્રી પહોંચે છે એટલે લોકો આ ગરમી- ઠંડીનું વધઘટ સાથે અનુકૂળ થઈ ગયા છે. બીજી તરફ નજર કરીએ તો ભારતમાં ચોમાસું મોટાભાગે ઉનાળામાં હોય છે જોકે હિમાચલ અને કાશ્મીરમાં ચોમાસુ શિયાળામાં હોય છે. તો રાજસ્થાનમાં ૫૦ ડિગ્રી તાપમાનને લોકો અનુકૂળ છે.મતલબ સહન કરી શકે છે, કેનેડામાં આકરી ગરમી પડતાં ૮૦૦ ઉપરાંત લોકોના મોત થયા કારણ કેનેડા ઠંડો દેશ છે. આ કારણે વિજ્ઞાનીઓએ આવા દેશોને ચેતવણી આપી દીધી છે કે હવે દરેકે સખત ગરમી માટે તૈયાર રહેવાનું છે. આ બધું માનવજાત દ્વારા ઉત્પાદન થતાં પ્રદૂષણને કારણે આ બધું થઇ રહ્યું છે કે ઘટનાક્રમ બની ગયો છે. અનેકો કહે છે કે ક્લાઈમેટ ચેન્જ કુદરતી છે પરંતુ કેટલાક સ્વીકારશે નહીં.... પરંતુ ખરેખર ક્લાઈમેટ ચેન્જ માનવસર્જિત પણ છે અને કુદરતી પણ..... પરંતુ તે અહીં તહીં બદલાતું રહે છે. આ બધામાં માનવ સર્જીત પ્રદુષણ માનવજાત સહિતના જીવોને ગરમી અને પ્રદુષણના વમળોમા ધકેલવા લાગ્યા છે. પ્રદૂષણને કારણે કુદરત જૂદા જૂદા પ્રકારે ચેતવણી આપતી રહી છે જે અતિવૃષ્ટિ, દુષ્કાળ, પૂર, વાવાઝોડાં, જંગલમાં આગ વગેરે રૂપે. અને તેમાં ઉમેરાઈ છે ગરમી અને આ ગરમી બરફાચ્છાદિત વિસ્તારોના બરફ ઓગાળવાનું મોટું કામ કરી રહી છે પરિણામે સમુદ્રની સપાટી વધવા સાથે તેના પાણી પણ ગરમ થવા લાગ્યા છે અને આ સમુદ્રના ગરમ પાણી સામાન્ય વાવાઝોડાને શક્તિશાળી બનાવી વિનાશકારી બનાવી. દેછે..... ત્યારે માનવ જાતને બચાવવા કુદરતી સંસાધનો સુરક્ષિત કરવા માટે વધારેમા વધારે વૃક્ષો ઉગાડવા જરૂરી છે...... પરંતુ વિશ્વના દેશો આ બાબત સમજવા તૈયાર છે કે કેમ....? એ મોટો પેચીદો સવાલ છે.....!

### પોલીસે ગુન્હો નોંધી શોધખોળ હાથધરી

# મોડાસા : માર્બલ ફેક્ટરી ચલાવતા બે ભાગીદારની પત્નીઓ બજારમાં જવાનું કહી ગુમ થતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં યુવતીઓ અને મહિલાઓ ગુમ થવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે મોડાસા શહેરની ગ્રીન સોસાયટીમાં રહેતી બે મહિલાઓ બજારમાં જવાનું કહીં ગુમ થઇ જતા ભારે ચકચાર મચી છે બંને મહિલાઓ માંડી રાત થવા સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ ભારે શોધખોળ પછી ન મળતા આખરે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં બંને મહિલાઓ ગુમ થયાની ફરિયાદ નોંધાતા પોલીસે બંને મહિલાઓની શોધખોળ હાથધરી હતી

મોડાસા શહેરમાં માર્બલની ફેક્ટરી ધરાવતા બંને વેપારીની પત્ની એક સાથે ગુમ થતા શહેરમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી ગ્રીન સોસાયટીમાં રહેતા અને શહેરમાં માર્બલની દુકાન ધરાવતા ભાગીદારની પત્નીઓ રહસ્યમય રીતે ગુમ થઇ જતા બંને પરીવાર પર આભ તૂટી પડ્યું છે જેમાં એક વેપારીની ૩૫ વર્ષીય પત્ની અને તેના ભાગીદારની ૨૨ વર્ષીય પત્ની રવિવારે બપોરે બજારમાં જવાનું કહી પરત નહીં ફરતા બંને મહિલાઓ રહસ્યમય રીતે ગુમ થઇ જતા પરિવારજનોએ બંને ગુમ મહિલાઓના સગાસંબંધીમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ આરંભી હતી ગુમ થયેલી બંને મહિલાઓ મોડી રાત્રી સુધી ઘરે પરત ન ફરતા આખરે વેપારીએ ટાઉન પોલીસ સ્ટેશનમાં બંને મહિલાઓ ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે જાણવાજોગ ફરીયાદ નોંધી વધુ તપાસ હાથધરી હતી શહેરમાં બજારમાં ખરીદી કરવા જવાનું કહી બંને મહિલાઓ એક સાથે ગુમ થઇ જતા શહેરમાં ભારે ચકચાર મચી છે તેમજ બંને મહિલાઓ ગુમ થતા અનેક પ્રકારના તર્ક વિતર્ક લોકો લગાવી રહ્યા છે

# યોગી સરકારે કાવડ યાત્રાને મંજૂરી આપતા સુપ્રિમ લાલઘૂમ: નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી,તા.૧૪

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાંવડ યાત્રા નીકાળવાની મંજૂરી આપી દીધી છે. જો કે તેમણે એ પણ આદેશ આપ્યો છે કે પારંપારિક કાંવડ યાત્રા દરમિયાન તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવે. તો ઉત્તર પ્રદેશમાં કાંવડ યાત્રાની પરવાનગી આપવાના મામલે સુપ્રીમ કોર્ટે સુઓમોટો લીધી છે. જસ્ટિસ ફલી નરીમનની બેંચે આ મામલે સુઓમોટો લેતા ઉત્તર પ્રદેશ સરકારને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટમાં કેસની સુનાવણી ૧૬ જુલાઈના થશે.

સુપ્રીમ કોર્ટે ગૃહ સચિવને આ મામલે જવાબ આપવા કહ્યું છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, યુપી અને ઉત્તરાખંડના પ્રમુખ સચિવ તથા કેન્દ્રના ગૃહ સચિવ શુક્રવાર સવાર સુધી એફિડેવિટ દાખલ કરશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે, કોરોના સંક્રમણને લઇને નિષ્ણાતોના ભવિષ્યના અનુમાનોને ધ્યાનમાં રાખતા જ કાંવડ યાત્રાનું આયોજન કરવામાં આવે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આદેશ આપ્યો છે કે અધિકારી દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તરાખંડ સાથે વાતચીત કરીને કાંવડ યાત્રાના સંબંધમાં દિશા-નિર્દેશ લાગુ કરે. સાથે જ તેમણે કહ્યું છે કે સ્થિતિને જોતા ઈ્-ઝઈ નેગેટિવ રિપોર્ટની અનિવાર્યતા પણ લાગુ કરવામાં આવી શકે છે. બીજી તરફ ઉત્તરાખંડ સરકારે મંગળવારના કહ્યું કે, તેણે કાંવડ યાત્રા રદ્દ કરી દીધી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો.

ત્યારબાદ મીડિયા સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે, 'અમે કાંવડ યાત્રા રદ્દ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં નવું વેરિયન્ટ સામે આવ્યું છે, આવામાં અમે નથી ઈચ્છતા કે હરિદ્વાર મહામારીનું કેન્દ્ર બને. લોકોની જિંદગી અમારી પ્રાથમિકતા છે. અમે તેની સાથે છેડછાડ ના કરી શકીએ. અમે કોઈ ચાન્સ નહીં લઈએ. તો યુપીમાં કોવિડ સંબંધિત જરૂરી સાવધાનીઓ સાથે યાત્રા શરૂ કરી દેવામાં આવી છે.

# હિમાચલ પ્રદેશના કાંગરામાં વાદળ ફાટવાથી તબાહી, પંજાબી સિંગર સહિત ૬ લોકોના મોત

કાંગડા,તા.૧૪

પહાડી વિસ્તારોમાં સતત વરસાદ વરસી રહ્યો છે અને અનેક જગ્યાએ વાદળ ફાટવાના કારણે જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હિમાચલ પ્રદેશના કાંગડા વિસ્તારમાં વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું છે. અહીં કારેરી લેક વિસ્તારથી ગઈકાલે અનેક મૃતદેહો મળી આવ્યા. આમાં પંજાબના સૂફી સિંગર મનમીત સિંહનો મૃતદેહ પણ સામેલ છે. જાણકારી પ્રમાણે મંગળવારના રેસ્ક્યૂ ટીમને અહીંથી કુલ ૬ મૃતદેહો મળ્યા, જેમાં એક મહિલા અને એક બાળકનો મૃતદેહ પણ સામેલ છે.

કારેરી ગામની પાસે જ રેસ્ક્યૂ ટીમને પંજાબી સૂફી સિંગર મનમીત સિંહનો મૃતદેહ મળ્યો છે, જ્યારે જે અન્ય લોકો આ દરમિયાન ગુમ થયા હતા તેમને પણ હવે મૃત માનવામાં આવી રહ્યા છે. પંજાબના અમૃતસર જિલ્લાના રહેવાસી મનમીત સિંહ પોતાના ભાઈ સહિત કુલ ૫ લોકોની સાથે ધર્મશાળા ઘૂમવા માટે આવ્યા હતા. રવિવારના તેઓ કારેરી સરોવર ફરવા માટે ગયા હતા, પરંતુ ત્યારે હિમાચલ પ્રદેશમાં જોરદાર વરસાદ શરૂ થઈ ગયો તેવામાં તેમણે ત્યાં રોકાવું પડ્યુ માનવામાં આવી રહ્યું છે કે સોમવારના તેજ વરસાદમાં મનમીત સિંહ અને તેમના સાથી તણાઈ ગયા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે મનમીત સિંહ અને તેમના સાથે સોમવારના ગુમ થયા હતા, જ્યારે મંગળવારના તેમના મૃતદેહો મળ્યા છે. આ ઉપરાંત એક ૧૯ વર્ષની છોકરી જે નજીકના વિસ્તારથી ગુમ થઈ હતી તેનો મૃતદેહ પણ મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પહાડી વિસ્તારોમાં સતત થઈ રહેલા વરસાદના કારણે અત્યારે સ્થિતિ ખરાબ છે.

# એમ.ફાર્મ ઈન ફાયટો ફાર્મસી એન્ડ મેડીસીન અને એમ.ટેક ઈન બાયો ટેક્નોલોજી કોર્સની માન્યતા મેળવનાર ગુજરાતની એકમાત્ર યુનિવર્સિટી:જીટીયુ

**ઈન્ડસ્ટ્રીઝની માંગને આધારીત રોજગારી મેળવવા માટે આ પ્રકારના કોર્સીસ વિશેષ રીતે મદદરૂપ થશે. જે આત્મનિર્ભર ભારત અભિયાનને પણ વેગ પૂરો પાડશે -પ્રો. ડો. નવીન શેઠ**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ટેક્નિકલ શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે હરહંમેશ પહેલ કરીને ગુજરાતના શૈક્ષણીક જગતમાં વિવિધ ક્ષેત્રે સતત કાર્યરત રહે છે. તાજેતરમાં જ જીટીયુની કાર્યપ્રણાલીને બિરદાવીને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (પીસીઆઈ) અને ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) દ્વારા અનુક્રમે એમ.ફાર્મ ઈન ફાયટો ફાર્મસી એન્ડ ફાયટો મેડીસીન અને એમ. ટેક ઈન બાયો ટેક્નોલોજી કોર્સની માન્યતા આપવામાં આવી છે. આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, ઈન્ડસ્ટ્રીઝની માંગને આધારીત રોજગારી મેળવવા માટે આ પ્રકારના કોર્સીસ વિશેષ રીતે મદદરૂપ થશે. જે આત્મનિર્ભર ભારત અભિયાનને પણ વેગ પૂરો પાડશે.

જીટીયુ રાજ્યની એકમાત્ર યુનિવર્સિટી છે જેને પીસીઆઈ અને એઆઈસીટીઈ દ્વારા આ બંન્ને કોર્સની માન્યતા આપવામાં આવી છે. જેનાથી વિદ્યાર્થીઓ ફાર્મસી ક્ષેત્રે સંકળાયેલ ફાયટો થેરાપીમાં આગળ વધી શકશે. બેચલર ઈન ફાર્મસી કરેલા વિદ્યાર્થી આ કોર્સ માટે અરજી કરી શકશે. વિશ્વ આખુ આયુર્વેદને અનુસરે છે ત્યારે રોજગારી સંદર્ભે જોવા જઈએ તો આ કોર્સ થકી વિદ્યાર્થીઓ હર્બલ મેડીસીન બાબતે વિવિધ રીસર્ચ કરીને આયુર્વેદીક દવાઓ અને વિવિધ પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં યોગદાન પૂરૂં પાડીને આત્મનિર્ભર બની શકે છે. જ્યારે એઆઈસીટીઈ દ્વારા એમ. ટેક ઈન બાયો ટેક્નોલોજીકલ કોર્સ માટે માન્યતા આપવામાં આવી છે. ટેક્નિકલ અને ફાર્મસી કોર્સમાં ગ્રેજ્યુએશન તથા લાઈફ સાયન્સના સમકક્ષ કોર્સમાં માસ્ટર્સ ડિગ્રી કરેલ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. એકેડમીક ક્ષેત્રે વિવિધ યુનિવર્સિટીમાં તેમજ વિવિધ લેબોરેટરીઝમાં પણ વિદ્યાર્થીઓને રોજગારની ઉત્તમ તકો રહેલી છે. ચાલુ શૈક્ષણીક વર્ષથી ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ ફાર્મસી અને ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ એન્જીનિયરીંગ ખાતે અનુક્રમે ૧૦ અને ૧૮ સીટ પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

# કેરળમાં કોરોનાનો આતંક: શનિ-રવિ સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું

તિરુવનંતપુરમ્,તા.૧૪

કોરોના અટકવાનું નામ ના લઈ રહ્યો હોવાની ચિંતાઓ વચ્ચે કેરળે બે દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. ગુજરાત સહિતના રાજ્યો સહિત આખા દેશમાં કોરોનાની બીજી લહેર જાણે સમાપ્ત થઈ રહી છે, પરંતુ કેરળમાં સ્થિતિ હજુય ગંભીર છે. કેરળ સરકારે બહાર પાડેલા આદેશ અનુસાર, રાજ્યમાં ૧૭-૧૮ જુલાઈ એટલે કે શનિ-રવિના રોજ સંપૂર્ણ લોકડાઉન રહેશે. અગાઉના લોકડાઉન માટે જે પ્રમાણે ગાઈડલાઈન ઈશ્યૂ કરવામાં આવી હતી તે જ ગાઈડલાઈન આ લોકડાઉન માટે પણ અમલી રહેશે. આ બે દિવસો દરમિયાન બેંકો અને નાણાંકીય સંસ્થાઓને પણ કામકાજ બંધ રાખવાનો આદેશ અપાયો છે. બે દિવસના લોકડાઉન દરમિયાન જોકે જીવનજરુરી ચીજવસ્તુઓની દુકાનો સાંજે ૮ વાગ્યા સુધી ખૂલ્લી રહેશે. મંગળવારે કેરળમાં કોરોનાના ૧૪,૫૩૯ નવા કેસ નોંધાયા હતા અને રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૪ લોકોના મોત થયા હતા. રાજ્યમાં અત્યારસુધી કોરોનાના ૩૦.૮ લાખ કેસ નોંધાયા છે, જેમાંથી ૨૯.૫૭ લાખ લોકો સાજા થઈ ગયા છે, જ્યારે ૧૪,૮૧૯ લોકોના મોત થયા છે.

### મોડાસા : લકઝૂરિયસ ફ્લેટની બહાર શાકભાજી વેચાતો

# છેલબટાઉ યુવાન ફ્લેટમાં રહેતી યુવાન પરણીતાનું અપહરણ કરી ગયોની આશંકા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરમાં મેઘરજ રોડ પર આવેલા લક્ઝુરીયસ ફ્લેટની વિશાળ શ્રેણી ધરાવતા ફ્લેટમાં રહેતી યુવાન પરણીતા ગુમ થતા ભારે ચકચાર મચી છે લક્ઝુરીયસ ફ્લેટ બહાર શાકભાજીનો સ્ટોલ ધરાવતા વેપારીનો યુવાન પુત્ર પરણીત મહિલાનું અપહરણ કરી ગયો હોવાની આશંકા ફ્લેટમાં રહેતા લોકોએ વ્યક્ત કરી હતી પરણીત મહિલા ગુમ થઇ તે જ દીવસથી શાકભાજીના વેપારીનો પુત્ર જોવા નહીં મળતા લોકોની આશંકા દ્રઢ બની છે ત્યારે અરવલ્લી જીલ્લા વિશ્વ હિન્દુ પરીસદના પ્રમુખ સંજય ભાવસારે પરણીતા ગુમ થવાની ઘટનામાં લવજેહાદ કારણભૂત હોવાનું જણાવી ટાઉન પીઆઈ એન.જી.ગોહીલ અને એલસીબી પીઆઈની મુલાકાત કરી ત્રણ દિવસથી ગુમ પરણીત મહિલાને ઝડપથી શોધી કાઢવામાં આવેની માંગ કરી હતી સૌરાષ્ટ્ર બાજુથી એક નવયુવાન દંપતી મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા લક્ઝુરિયસ ફ્લેટમાં ભાડે રહેતું હતું યુવાન મોડાસા શહેરમાં સીંગ-ચણાની ફેક્ટરી ધરાવે છે લક્ઝુરીયસ ફ્લેટ બહાર મોલ નજીક શાકભાજીની દુકાન ધરાવતા વેપારીના ત્યાંથી યુવાનની પત્ની ફોન કરી શાકભાજી મંગાવતી હતી શાકભાજીના વેપારીના પુત્ર ફ્લેટ પર શાકભાજી આપવા જતો હતો ત્યારે પરણીત યુવતીને ભોળવી પ્રેમ લગ્નની લાલચ આપી અપહરણ કરી ગયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ફ્લેટમાં રહેતી પરણીતા ગુમ થયા પછી શાકભાજીની દુકાન ધરાવતા વેપારીનો પુત્ર પણ ગાયબ થતા લોકોમાં શંકાનું કેન્દ્ર બન્યો છે ફ્લેટમાં રહેતા કેટલાક લોકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે પરણીત મહિલાને શાકભાજીની હોમ ડીલેવરી આપવા આવતો યુવાન ભગાડી ગયો હોવાની શંકા છે

છેલ્લા ત્રણ દિવસથી અન્ય જીલ્લાની અને ફ્લેટમાં રહેતી યુવાન પરણીતા રહસ્યમય રીતે ગુમ થતા અરવલ્લી જીલ્લા વિશ્વ હિન્દુ પરિસદના પ્રમુખ સંજય ભાવસાર યુવકની ગુમ થયેલી પત્નીને શોધવા મદદરૂપ બની રહ્યા હોવાની સાથે પરણીતા ગુમ થતા લવ જેહાદની આશંકા પેદા થતા ટાઉન પીઆઈ અને એલસીબી પીઆઈને રૂબરૂ મળી આ અંગે રજુઆત કરી હતી

### એક ઊંચાઇ પછી વિશેષણ જ નહિ,નામ પણ બોજ લાગે છે.

# ગુરુનું શરીર જ સાધકનો અક્ષયવટ છે,આજે બધા જ ક્ષેત્રો પ્રદૂષિત થઇ ગયા છે.

**માનસ તતઃક્રીમ મહેશ એન.શાહ**
**દિવસ ૫ તારીખ ૧૪ જુલાઈ**

...આ આટલાને ક્યારેય ગુરુ ન બનાવવા.

પાંચમા દિવસની કથામાં બાપુએ કહ્યું અહી ઘણા શબ્દ બ્રહ્મ મળે છે જેમકે ચરણપ્રક્ષાલન,ચરણોદક, ચરણામૃત,ચરણપાદુકા,ચરણસ્પર્શ,ચરણસેવા, ચરણરજ.આ રજનાં પર્યાયમાં ત્રણ શબ્દ છે:રેણું, પરાગ અને ધૂલિ.રેણું રજ જેટલી નાની નથી હોતી. થોડીક મોટી હોય છે.રજ નાનામાં નાનું માપ છે. રેણૂ સહેજ મોટી હોય છે જેમ કે સમુદ્રની રેતી,રમણરેતી અને આપણા બધાના ચરણનો નિરંતર પ્રહાર સહન કરી અને રજ તત્વ જે બને એને ધૂળ કહે છે.ધૂળને નીચ કહી છે.લાતહિં મારત ચલતી સિર ઉડકર.ઉપર ચડે છે તેનો સુક્ષ્મ અર્થ ગુરુચરણ ધૂરિ ક્યારેક ક્યારેક કલી પ્રભાવમાં અધિકારી નથી એને પણ ગુરુની ચરણ થોડી મળી જાય તો ગુરુના અધિકારો ઉપર ચડી જાય છે ગુરુની ઉપર થઈ જાય છે.ગુરુ સમાન બ્રહ્મા પણ નથી વિષ્ણુ પણ નથી અને શિવ પણ નથી.ગુરુ સૌથી ઊંચું તત્વ છે.ગંધર્વરાજ પુષ્પદંત કહે છે:નાસ્તિ તત્વ પરમ્ ,ચોવીસ તત્વ,પંચતત્વ. મહાદેવ સતીને કહે છે કે ભલે હું કાશીમાં રહું કે કૈલાસમાં રહ્યું પરંતુ તમે જેને ગુરુ માનો છો હે ઉમા! એ ગુરુ જે સ્થાનમાં રહે છે એ સ્થાન જ કાશી,એજ પ્રયાગ,એજ કૈલાસ છે.ગુરુનું શરીર જ સાધકનું અક્ષયવટ છે.ગમે એવો પ્રલય આવી જાય એ અક્ષય વટના પાન-પત્ર સહારો બને છે.ભગવાન વિષ્ણુના ચરણથી જે પ્રવાહ ચાલુ થયો એ ગંગા છે.ગુરુ ગીતામાં લખ્યું છે કે ગુરુના ચરણનું જળ મળે એ જ તમારા માટે ગંગા છે,આ જ તમારા ઈષ્ટનું રૂપ છે.પરાગમાં ગંધ હોય છે, રજ એને કહે છે જે આપણે પકડી ન શકીએ પરંતુ હાથની રેખાઓમાં વસી જાય,રેણૂ મુઠ્ઠીમાં આવે છે,રેણૂ પદપ્રહારો સહન કરે છે ત્યારે રેતી બને છે.પરાગની ગંધથી ભમરાઓ આવે છે.આજ રજનું એક રસમય સ્વરૂપ પરાગ છે.આ બધામાં મહત્વની છે રજ.અવધપતિ કહે છે કે મારા જેવું કોઈ નથી જેણે આ રજની મહિમા જાણી છે.માટી ઉડાડી શકાય છે ધૂળ ઉડે છે માનસની ગુરુ ગીતાના સમાપન વખતે સુક્ષ્મથી અતિસુક્ષ્મ તરફ લઈ જાય છે ત્યારે કહે છે:ગુરુ પદ રજ મૃદુ મંજુલ અંજન.. ધુળ આંખમાં આંજી શકાતી નથી બાપુએ જણાવ્યું કે થોડી ઊંચાઈ પ્રાપ્ત કરતાં જ વિશેષણ પણ સારા નથી લાગતાં પણ એક ઊંચાઈએ સાધક પહોંચે ત્યારે નામ પણ બોજ લાગે છે.પરાગ ચૂસી શકાય છે.રજ આંજી શકાય છે,ધૂળ ઊડાડી શકાય છે.બાપુએ જણાવ્યું કે આજે કલીકાલમાં બધા જ ક્ષેત્ર પ્રદૂષિત છે,ગુરુ શબ્દ બોલવામાં પણ ડર લાગે છે.ગુરુ જેવો પવિત્ર શબ્દ પણ પ્રદૂષિત થઈ ગયો છે.શિષ્ય કુટિલ,વક્ર છે,દોષિત છે,કલંક હોય છે હોય છે,આ ત્રણે વસ્તુ ચંદ્રમાં છે પરંતુ ચંદ્રની જેમ જો સાચા બુદ્ધપુરુષના શરણમાં જાય તો યમાશ્રિતોહિ વક્રોઅપિ ચંદ્ર સર્વત્ર વંધ્યેત.કલી પ્રભાવને કારણે સાચોગુરુ,સદગુરુ,પરમગુરૂ ક્યારેક ક્યારેક ગુરુમાં પણ કલંક દેખાય છે કુટિલતા દેખાય છે દોષ દેખાય છે.

શિવ કહે ઉમા આટલા લોકોને ક્યારેય ગુરુ ન બનાવવાં.ગુરુ ગીતાના શ્લોક છે જેને ક્યારેય ગુરુ નથી બનાવવા એના માટેના શ્લોકનું પઠન કરીએ! આ ગુરુગીતા પ્રાતઃસ્મરણીય તો નહી પણ ક્યારેક ક્યારેક સ્મરણીય છે.

પાખંડીનઃ પાપરતા નાસ્તિકા ભેદબુધ્ધયઃસ્ત્રીલંપટા દુરાચારા કૃતઘ્ન બકવૃત્તયઃ કર્મભ્રષ્ટા ક્ષમાનષ્ટા નીંદ પ્રણેતેશ્વાદીનઃ કામીનઃક્રોધીમશ્ચૈવ ચંડાઃ શઠસ્તસ્યાવૃત્તાઃજ્ઞાનલુપ્તાઃ ન કર્તવ્યા મહાપાપૌ.. મહાદેવ ઉમાને કહે છે કે આવી વાતો જેનામાં નથી તેને ગુરુ કરવા.પાખંડીની વ્યાખ્યા શું?જીવનનો એક ચતુર્થાંશ-પા ખંડ પ્રાપ્ત કરેલો હોય એ અખંડની વાત કરે!જે ખંડીત છે એ દાવો કરે એ અખંડને મેળવી લીધો છે એ પાખંડી છે.માટે અખંડને જ ગુરુ બનાવો.આવા તથા કથિતના ચરણોમાં નિષ્ઠા ન થાય એ જોવું.એમને આદર દેવો,નમન કરવું પણ એમનો આશ્રય નહીં કરવો.જે નિરંતર પાપમાં રત છે,નાસ્તિક છે-બાપુ કહે મને અહીં થોડીક તકલીફ છે.તથાકથિત આસ્તિક ને ગુરુ બનાવાય?અહીં મને પૂછે તો હું કહું છું કે આસ્તિક પણ નહીં નાસ્તિક પણ નહીં વાસ્તવિકને ગુરુ બનાવો.જે જાણ્યા વગર કહે કે કંઈ નથી એ નાસ્તિક છે, જાણ્યા વગર ખંડન કરે એ નાસ્તિક છે.ભેદબુદ્ધિમાં રત હોય,મારો મંત્ર જ,મારા ઈષ્ટદેવ જ સર્વસ્વ,બીજાઓને છોડી દો આવા ભેદવાદી લોકોને ગુરુ નહીં બનાવો.અંગ્રેજી સાહિત્યમાં ગુરુ શબ્દ જ નથી,સદગુરુ તો છે જ નહીં!ટીચર શબ્દ છે.થિયોસોફિકલ વિચારધારાએ ટીચર અને ગુરુ શબ્દ કાઢી માસ્ટર શબ્દ લગાવ્યો અને જે કૃષ્ણમૂર્તિને પણ માસ્ટર બનાવવા માંગતા હતા પણ ન બન્યા.સમાજમાં વર્ણભેદ,જાતિભેદ



પેદા કરે તેને ગુરુ ન બનાવવો.સ્ત્રીલંપટ,અત્યંત દુરાચારીને ગુરુ ન બનાવો સમાજે કંઈક આપ્યું હોય પણ સમાજ તરફ કૃતજ્ઞતા ન હોય, જે ક્ષમાની મૂર્તિ નથી અત્યંત કામી છે,પુત્રેષ્ણા,વિત્તેષ્ણા લોકેષણા-કામના ના ત્રણ પ્રકારને તૃષ્ણા કહે છે.જે ક્રોધ કરતો હોય, લુચ્ચાઈ હોય જ્ઞાન લુપ્ત થઈ ગયું હોય,કર્તવ્યથી દૂર હોય,મહાપાપી હોય...આવા લક્ષણો ધરાવનારને ગુરુ ના બનાવો.આનાથી વિપરીત લક્ષણો જેમ કે: અખંડ હોય પાપમુક્ત વાસ્તવિક, અભેદબુદ્ધિ, સદાચારી,સ્ત્રીમાં નારાયણીના દર્શન કરનાર,પુણ્ય રત વિતંડાવાદ નહી વાદ વિવાદ નહીં તેને ગુરુ બનાવો. દશરથ કહે છે કે આવા ગુરુના ચરણની રજથી મને સકળ વૈભવ મળ્યા છે.ક્યા વૈભવ? દશરથના જીવનમાં જ બે વૈભવ ચરિતાર્થ થયા છે:એક પોતાના જીવનમાં એક પુત્રના જીવનમાં. ગુરુ ચરણરજ પ્રાપ્ત કરનાર માણસની ગ્લાનિ અને વિષાદ ખતમ થઈ જાય છે.આ આપણી કસોટી નથી પણ જેની શરણમાં ગયા એ ગુરુની કસોટી છે. આપણો વિષાદ ગુરુના પ્રસાદ થી ભરાઈ જાય છે. અલ્પકાલમાં બધી જ વિદ્યા પ્રાપ્ત કરે છે.વિદ્યા વૈભવ છે,વિશ્વાસ વધે છે,ગુરુચરણ રજથી બહીર વિકાસ તો ન કહી શકાય કારણ કે એ પ્રારબ્ધ અને પુરુષાર્થથી આવે છે પરંતુ ભીતરી વિકાસ અથવા વિલાસ ચૈતસિક વિકાસ વિવેકમાં વૃધ્ધિ અને વૈરાગ્યમાં વૃદ્ધિ આટલા વૈભવો આધીન થાય છે. કથા પ્રવાહમાં સતીને સંશય થાય છે અને રામની પરીક્ષા કરે છે.શિવને સમાધિમાં ખબર પડે છે સતીનો ત્યાગ કરી અને પ્રતિજ્ઞા કરે છે ત્યાં આજની કથાને વિરામ અપાયો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય, રચના
વિષય : " કથની - કરણી "' " સુખ : દુઃખ " વિષયક રચનાઓ. . દિવસ - ૩

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG.SS.No. 0102.
શીર્ષકઃ-. કથની -- કરણી.
પ્રકારઃ-. ગદ્ય.
વિષયઃ-. કથની --કરણી.

કથની અને કરણી ઘણા ઓછા લોકોમાં આ બંને એક જ જોવા મળે છે. પરંતુ મોટાભાગના લોકો તો કથની જુદી અને કરણી જુદી આવું સામાન્ય જીવનમાં જોવા મળે છે.

માનવમાં રહેલી ધાર્મિક, સામાજિક, આર્થિક, શારીરિક, માનસિક દુર્બળતાનો લાભ ઉઠાવી કથની કોઈ જુદી રજુ કરે અને કરણી કોઈ જુદી જ કરે છે.

મોટેભાગે તીર્થસ્થળો અને ધાર્મિક જગ્યાઓમાં લોકોની ધાર્મિક ભાવનાઓનો ગેરઉપયોગ કરવામાં આવે છે. ભગવાન વિશે અનેક પ્રકારની હૃદયસ્પર્શી કથાઓ રજુ કરીને ભક્તોની પાસેથી એનકેન પ્રકારેણ આર્થિક સંપત્તિ મેળવવામાં આવેછે. જો આમ નહીં કરો તો ભગવાન નારાજ થશે. પિતૃ નારાજ થશે. મોટું પાપ લાગશે. નર્કમાં જવું પડશે. આવી લોભામણી વાતો કરીને ધર્મસ્થાનોના ભંડારો ભરાય છે અને આ ભંડારોનો લોકો પોતાના માટે અંગત ઉપયોગ કરે છે. લોકોની ધાર્મિક ભાવનાને ભડકાવીને તેઓ સમૃદ્ધ બને છે.

લોકોને મોટો આર્થિક લાભ થશે તે પ્રકારની લોભામણી વાતો કરીને, એકના ડબલ પૈસા કરી દેવા, વધારે વ્યાજ મળશે, શેરબજારમાં રોકાણ, ચલ અને અચલ સંપત્તિમાં રોકાણ કરી લોકોને અનેક રીતે

ઠગવામાં આવે છે અને લોકો પાયમાલ બની જાય છે.

તમે ખુબ સુંદર છો. તમે ખુબ બુદ્ધિશાળી છો. તમારામાં ખુબ શક્તિ છે. આવા જુદા જુદા બહાના હેઠળ લોકોને છેતરવામાં આવે છે. નોકરીમાં સિનેમા, રમત-ગમતમાં અને બીજા ઘણા બધા ક્ષેત્રોના નામ આપીને તમારું નામ ઘરે ઘરે ગુંજતુ થશે, પ્રસિદ્ધિ મળશે લોકોની પાસેથી તેના આદર્શ સ્વપ્ન બતાવી ને અનેક રીતે લોભાવામાં આવે છે. તેઓ નું શોષણ કરવામાં આવે છે, અને લોકો એવી સ્થિતિમાં મુકાઇ

જાય છે કે તેઓ પોતે કંઈ કોઈને કહી શકતા નથી અને સદંતર લૂંટાઈ જાય છે.

દગાબાજી, ચોરી, ભ્રષ્ટાચાર, શોષણ વગેરે પણ કથની કરણી અલગ-અલગ હોવાને કારણે લોકોને છેતરવામાં આવે છે. જુઠા લોકો પોતાની ઇન્દ્રજાળ જેવી કથની દ્વારા ભોળા લોકોને પોતાની ચુંગાલમાં ફસાવે છે. જ્યાંથી પાછા વળવું મુશ્કેલ હોય છે.

જેની કથની અને કરણી અલગ અલગ હોય તેવા લોકોથી હંમેશા સાવધાન રહી આપણું જીવન મુશ્કેલીમાં ન મુકાય તે રીતે જીવવું જોઇએ.

રતિલાલ વાયડા,નવી મુંબઈ,

---

NOG SS No. 0059
શબ્દઃ સુખ- દુઃખ.
પ્રકારઃ ગદ્ય લેખ.
શીર્ષકઃ"મનની માન્યતા એજ
સુખ દુઃખ નું કારણ".
શબ્દો. ૩૦૯

શિયાળાની શીતળ હવા મુંબઈગરા માણી રહ્યાં છે.શહેરનું
વિશ્વવિખ્યાત બ્રેબોન સ્ટેડિયમ
માનવ મહેરામણથી ઉભરાઈ
ચુક્યું છે. ઠંડી હવા પ્રસરી રહીછે.
ઉત્તેજનાનો અંત આવે છે, મેચના રેફરી, આસિસ્ટન્ટ અને બંને ટીમનાં કેપ્ટન મેદાન ઉપર ટોસ ઉછાળવા આવી પહોંચ્યા છે.
ઠંડી હવા થીજી ગઈ, ટોસ ઉછળ્યોને , બધાં આતુરતાની ગરમીનો એહસાસ અનુભવવા લાગ્યાં ભારતીય ટીમ સતત ત્રીજીવાર ટોસ જીતી.
નસીબદાર કેપ્ટનનું નામ ચોતરફ ગૂંજી ઉઠ્યું. મેચ રેફરીએ કેપ્ટનની પ્રથમ બેટિંગની જાહેરાત
થતાં જ પ્રેક્ષકોમાં સુખ દુઃખની
લહેર ફરી વળી.
જીવનમાં અને ક્રિકેટમાં હરપળ
સુખ અને દુઃખથી
ભરેલી જ હોય છે, ચાલો જરા નજર ફેરવવીએ.
બેટ્સમેન રન લે ત્યારે,
બોલર વિકેટ લે ત્યાંરે,
કેચ છૂટે ત્યારે
તેમ જ કેચ પકડાય ત્યારે,
અરે પ્યારે,' અમ્પાયર
એલ.બી. નો
નિર્ણય આપે ત્યારે પણ મેદાન ઉપર હાજર રહેલાં સુખ દુઃખનો અનુભવ અનુભવતાં જ હોય છે.
ક્રિકેટનો 'ક' જાણે છે તે સમસ્ત માનવ જગત સુખ દુઃખના ઓછાયા નીચે જ
મેચ જોતું હોય છે અથવા કોમેન્ટ્રી સાંભળતું હોય છે.
માનવ જીવનમાં સુખ દુઃખની પરિભાષા એટલે સમય અને સંજોગોને પોતાની અનુકૂળતા અને પ્રતિકૂળતાની દ્રષ્ટિએ જોવાનો અભિગમ જ છે.
મારા મનને ગમે તે સુખ અને ન ગમે તે દુઃખ.
જો આપણે માનવ જીવન આનંદિત રીતે માણવું હોયતો દરેક સમય અને પરિસ્થિતિનો સ્વીકારભાવ અપનાવશું તો આપણે જીવનમાં કદી સુખ દુઃખના ભોગ બનીશું નહીં, અને હંમેશા આનંદદાયક સમય માણીશું.
આ યુગના આત્મજ્ઞાની યુગપુરૂષ
શ્રીમદ્ રાજચંદ્રજીએ તેમનાં ઉપદેશમાં સ્પષ્ટ જણાવ્યું જ છે કે સુખ દુઃખ વસ્તુઓમાં નથી, પણ આત્માના અનંત ગુણોમાં છે.
આપણા અનેક આધ્યાત્મિક ગુરુઓ પણ આત્મિક સુખની શોધમાં પરિવાર સાથે લાખો કરોડો રૂપીયાની મિલકત છોડી નીકળી જ ગયા છે ને ?
ઉદાહર રૂપે સ્વામી વિવેકાનંદ,
શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા અગણિત સંતો સત્યની શોધમાં નીકળ્યાજ છે ને !
જૈન સંત પૂ.શ્રીકાનજીમુનિ તો પોતાના વ્યાખ્યાનમાં હંમેશાં જણાવતાં કે સુખ ,ભૌતિક સામગ્રીમાં નથી.સંત પુરુષ,સત્ય જણાવી ગયા છે,
'અપેક્ષા એ જ મોટું દુઃખ'.

જયકાન્ત ઘેલાણી પ્યારે'.

---

NOG SS No. 0007
શબ્દ - કથની-કરણી સુખ દુઃખ
વિભાગ - ગદ્ય
શીર્ષક - મોહિની સ્ટુડિયો
પ્રકાર - મા.ફી.

મોહિની..... જેવું નામ તેવું જ વ્યક્તિત્વ, દરેકનાં મન મોહી લે એવું.માતા પિતાની એકની એક દિકરી.એમની લાખ ના હોવા છતાં મોડેલિંગ ક્ષેત્રમાં પ્રવેશી.શરૂઆતમાં તો અઢળક કામ, નામ અને દામ મળ્યાં.પરંતુ ધીરે ધીરે પ્રેક્ષકો અને એનાં ચાહકોના મન પરથી મોહિનીના રૂપનો જાદુ ઓસરતો ગયો.થોડાં જ વર્ષોમાં મોહિની એક સ્વરૂપવાન મોડેલમાંથી એક સામાન્ય સ્ત્રી બની ગઈ.ફરી માતા પિતાએ લગ્ન કરી ઠરીઠામ થવા સમજાવી.પરંતુ ફરી એજ પોતાની કરણી; ધરાહાર લગ્ન કર્યા વગર, ચલચિત્ર દુનિયાનો બેતાજ બાદશાહ અને બે બાળકોનો પિતા એવાં અનુપસીંગ સાથે એના બંગલે રહી.....;
આજે મોહિની નામના સ્ટુડિયોની બહાર લોકોનાં ટોળાં વચ્ચે એક આધેડ વયની સ્ત્રીનો મૃતદેહ મહાનગરપાલિકાની ગાડીની રાહ જોતો પડ્યો છે.

આરતી મરચંટ,મુંબઈ - કાંદિવલી

---

NOG SS No :- 0038
વિષય :- સુખ દુઃખ
વિભાગ :-ગદ્ય
શીર્ષક :- ભ્રમ

બધા દુઃખ દૂર થઈ જશેને આપણું મન ખુશ રહેશે એતો માત્ર ને માત્ર આપણો ભ્રમ છે.

હકીકતમાં સુખ શુ છે ? એની વ્યાખ્યા દરેક વ્યક્તિએ અલગ અલગ છે.

ઘણા જેને સુખ માની ખુશી અનુભવે તો ઘણા ની પાસે એજ સુખ હોવા છતાં દુઃખી થઈને સુખને શોધ્યા કરે.

માનીએ તો સુખ આપણી અંદર જ સમાયેલું છે.લાલચુ મન આપણને દુઃખી કરી મૂકે છે. વધારે મેળવાની ભાવના માણસને ચેનથી જીવવા નથી દેતી.

આપણે સુખ શોધવા બહાર જવાની જરૂરજ નથી ....એતો આપણા હાથમાં છે કે ..સુખનો અનુભવ કરી ખુશ રહેવું કે દુઃખને દૂર કરીને સુખી થવા વલખા મારવા.

શીલાપટેલ "આકાંક્ષા"

---

NOG.SS.NO . 0001
વિષય :-- સુખ દુઃખ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :--સુખ --- દુઃખ : આપણાં કાટલાં

એક ગામમાં એક ડાહ્યો ખેડૂત રહેતો હતો . જીવનમાં તે હંમેશાં સમતાવૃત્તિ દાખવતો . લોકોની દ્રષ્ટિનાં સુખ -- દુઃખ તેને ગર્વિત કે દુઃખી કરી શકતાં નહીં .

એક દિવસ આ માણસનો ઘોડો નાસી ગયો . લોકો આવ્યા , તેમણે કહ્યું , " તમે કેવા કમનસીબ ! તમારો ઘોડો નાસી ગયો ! "
આ ડાહ્યા માણસે પૂરી તટસ્થતા અને શાંતિ પૂર્વક જવાબ આપ્યો :,
" હા , જુઓને આવું થયું ."
થોડા દિવસ પછી નાસી ગયેલો ઘોડો પાછો આવ્યો . લોકો પણ આવ્યા , કહ્યું –
" તમારો ઘોડો તો પાછો આવી ગયો ! "
ડાહ્યા માણસે કહ્યું , " હા, આવું થયું ."
થોડા દિવસો પછી ખેડૂતનો પુત્ર ઘોડા પરથી પડી ગયો . લોકોએ કહ્યું ,
" તમે કેવા કમનસીબ ! તમારો એકનો એક પુત્ર ઘોડા પરથી પડી ગયો અને પગ ભાંગ્યો ."
ખેડૂતે કહ્યું , " નસીબ કે કમનસીબ એ બધું તો ઠીક છે , પણ જુઓને આવું થયું ."
થોડા દિવસોમાં પડોશી દેશ સાથે યુદ્ધ ફાટી નીકળ્યું . ગામના તમામ યુવાનોને લશ્કરમાં જોડવા પડ્યા . ખેડૂતપુત્રને પગની તકલીફને કારણે લશ્કરમાંથી મુક્તિ આપી . યુદ્ધમાં બધા જ યુવાનો ખપી ગયા . એકમાત્ર ખેડૂતપુત્ર બચી ગયો . જીવનમાં દરેક તબક્કો આપણાં સારા માટે જ છે એમ સ્વીકારી સુખ – દુ : ખ સ્વીકારી શકે એ કદાપિ હિંમત ના હારી શકે . " કુમારસંભવ " મહાકાવ્યમાં પણ કાલિદાસે લખ્યું છે કે , સુખ અને દુઃખ એ તો માનવજીવન સાથે કાયમી જડાયેલાં જ છે . એ ક્યારેય કોઈની પાસે કાયમી રહેતાં જ નથી .સંકટ કોને નથી પડ્યાં ? અરે , ખુદ બ્રહ્મ પણ એમાંથી બાકાત નથી રહ્યા ! સુખ અને દુઃખ તો આવે ને જાય . માણસનું કામ છે સમતા રાખવાનું .

પ્રદીપ રાવલ..સંચાલક



સુરતની પ્રતિભાવન મહિલાઓને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે એક સોચ ફાઉન્ડેશન દ્વારા ×એક હાથ, એક સાથ× એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના કાળમાં અનેક કલાકારોની હાલત દયનીય થઈ ગઈ છે અનેક ના ધંધા રોજગાર બંધ થયા છે ત્યારે આવા કપરા સમયમાં પ્રતિભાવાન મહિલાઓ કે જેમને પ્લેટફોર્મની જરૂરિયાત છે તેમના માટે એક સોચ ફાઉન્ડેશને આ પહેલ કરી છે. ×લોકલ ફોર વોકલ× ને પ્રોત્સાહિત કરવાની સાથેજ જરૂરિયાતમંદ મહિલાઓને પીઠબળ મળી રહે તે માટે આ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબશ્રી ઉપસ્થિત રહ્યા હતા.



અમદાવાદ ટ્રાફિક ડિવિઝન...૨૦...ના જયેશ કુમાર પી રાઠોડ સનદ.. નંબર.. ૨૦૩૦૩૫..જેમને ચાલુ ફરજ માં કોરોના થતા તેઓ અકાળે અવસાન થતા ગુજરાત સરકાર ના રિલીફ ફંડ માંથી રૂપિયા..૨૫.૦૦.૦૦૦ ..(પચીસ લાખ)નો ચેક આજ રોજ તેમના પત્ની અને તેમના માતા ને આજ રોજ તારીખ..૧૩/૦૭/૨૦૨૧ ના રોજ અમદાવાદ ના પચીમ ના જિલ્લા કમાન્ડર શ્રી જબ્બરસિંહ શેખાવત સાહેબ તેમજ પૂર્વ ના જિલ્લા કમાન્ડર શ્રી અશોકભાઈ પટેલ સાહેબ અને ડિવિઝન..૨૦....ના ડિવિઝન.કમાન્ડર મુકેશ પી શાહ સાહેબ ના હસ્તે આપવા માં આવ્યો...

## રાજપીપળા,આમલેથા,તિલકવાડા પોલીસ મથકના ગુનામાં પકડાયેલ દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી નાશ કરાયો



રાજપીપલા, તા.૧૪

લ્યો કરો વાત,દારૂબંધીના ગાંધી ના ગુજરાતના નર્મદામા રૂ. ૧૦લાખનો પકડાયેલ મુદ્દામાલ ૭૨૬૮બોટલ દારૂનો નાશ કરાયોછે.ગાંધીના ગુજરાતમા દારૂ પીવાય છે વેચાય છે, પકડાય છે અને નાશ પણ કરાય છે!તેનો આ પુરાવો છે. નર્મદા જિલ્લાના રાજપીપળા,આમલેથા,તિલકવાડા પોલીસ મથકમા પ્રોહીબીશન ગુનામાં પકડાયેલ દારૂના માલને નાશ કરવાની પરવાનગી મળતાં નર્મદા ના.પો.અધિક્ષક પરમાર તથા વાણી દુધાત,ભગત તથા નશાબંધી અધિક્ષક વસાવા આ તમામની સુચનાથી રાજપીપળા,આમલેથા,તિલકવાડા પોલીસ મથક ના ગુનામાં નોંધાયેલ પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલ ભારતીય બનાવટ ની ઈંગ્લીશ દારૂ કુલ બોટલ નંગ.૭૨૬૮ કિંમત રૂ.૧૦,૯૨,૬૦૦નો નાશ કરવામાં આવ્યો હતો.પોલીસ અને અધિકારીઓની હાજરીમા બુલડોઝર ફેરવીને દારૂનો નાશ કર્યો હતો. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

---

બાયડ ખાતે પ્રાંત અધિકારીની કચેરીમાં બ્રહ્મસેનાના રાજ્ય કારોબારીના શ્રી રાજનભાઇ જોશી બાયડ બ્રહ્મ સમાજના કાર્યકર્તા પારસ ભટ્ટ અને તમામ હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓએ ભેગા મળીને આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયા ના વિરોધમાં તેમણે હિન્દુ વિરોધી નિવેદનો નો વિરોધ દર્શાવવા આવેદનપત્ર આપવામાં આવ્યું.



## જમીન કૌભાંડી ના પુત્ર મહાનગર ભાજપ ના મંત્રી ?

અમદાવાદ ના નામચીન જમીન કૌભાંડી રાજેન્દ્ર નટવર પટેલ ના પુત્ર ગુંજન રાજેન્દ્ર પટેલ ને ગાંધીનગર મહાનગર ભાજપ ની ટીમ માં મંત્રી તરીકે નો હોદ્દો સ્થાનિક ભાજપ પ્રમુખ અને કમલમ ના નેતાઓના આદેશથી આપવામાં આવ્યો છે..ગાંધીનગર એસ. પી કચેરીમાં જમીન કૌભાંડ બાબતે નો ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે.આ ઉપર થી શાશક સરકાર ના મળતિયા નેતાઓ અને અધિકારીઓ ના સાથ સહકાર વિના આટલું મોટું કૌભાંડ ઘણા વખત થી ભાગીદારી ના ઓઠા હેઠળ આચરવામાં આવતું હતુ જેમાં આખા ઘરના સભ્યો ની માનસિકતા પણ જવાબદાર હોય શકે છતાં આવી રાજકીય નિમણુક આપીને આ નેતાઓ શું સાબિત કરવા માંગે છે?

### મોડાસા : સેવાસદન નજીક CNG પંપ પર

## કર્મચારીઓ માસ્ક જ પહેરતા નથી કોરોનાની ત્રીજી લહેરને આવકારવા મોડાસાના નગરજનો આતુર..!!

મહેન્દ્ર પટેલ અરવલ્લી
બ્યુરો મઠવાસ

કોરોના મહામારીમાં બીજી લહેરમાં કોવીડ-૧૯ મહામારીનું ભયાનક સ્વરૂપ જોયા બાદ પણ મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં લોકો ભાન ભૂલ્યા હોય તેમ બિંદાસ્ત બન્યા છે મોટા ભાગના વેપારીઓ, ફેરિયાઓ અને લોકોએ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સને તિલાંજલી આપી હોય તેમ બેદરકાર જોવા મળી રહ્યા છે



મોડાસાના શામળાજી રોડ પર જીલ્લા પોલીસવડા કચેરી બાજુમાં આવેલા સાબરમતી સીએનજી ગેસના પંપના કર્મચારીઓ માસ્ક પહેર્યા વગર વાહનોમાં સીએનજી પુરી રહ્યા છે પોલીસતંત્ર વાહન ચાલાકો પાસેથી માસ્કના નામે મસમોટા દંડ વસૂલી રહી છે બીજીબાજુ હજ્જારો વાહન ચાલકો જ્યાંથી સીએનજી પુરાવી રહ્યા છે તે સ્થળે માસ્કનો દંડ વસુલવામાં ઉણી ઉતરી હોય તેવું વાહન ચાલકો અહેસાસ અનુભવી રહ્યા છે સીએનજી પંપ પર ગેસ પૂરતા કર્મચારીઓ કેમેરો ચાલુ થતા માસ્ક પહેરવા લાગ્યા હતા

કોરોનાની બીજી લહેર સામે ધીરે ધીરે ગુજરાત જંગ જીતી રહ્યું છે બીજીબાજુ વિશ્વમાં કોરોનાની ત્રીજી લહેર કહેર મચાવી રહી છે આઈએમએ પણ દેશમાં કોરોનાની ત્રીજી લહેર ભયાનક સાબીત થઇ શકે છે ની આગાહી કરી લોકોને સાવચેતી અને માસ્ક પહેરવા અનુરોધ કરી રહ્યું છે ત્યારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં લોકો જાણે કોરોના ખત્મ થઇ ગયો હોય તેમ બેદરકાર લાગી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર માસ્ક વગર અને સોશ્યલ ડીસ્ટન્સનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરે તે ખુબ જરૂરી છે

કોરોનાની બીજી લહેરમાં ગુજરાતમાં અનેક લોકો સંક્રમીત થયા હતા મોડાસા શહેરમાં સ્મશાન ઉભરાતા તાબડતોડ ચાર સગડી મુકવી પડી હતી અને લાકડા પણ ખૂટી પડે તેવી સ્થીતીનું નિર્માણ થયું હતું કોરોનાના મોતના તાંડવ સામે તબીબો,તંત્ર અને લોકો પણ લાચાર બન્યા હતા રાજયમાં કોરોનાનું સંક્રમણ ઓછું થતા સરકારે કોરોનાને નાથવા કેટલાક નિયંત્રણ લગાવ્યા હતા કોરોનાનું સંક્રમણ ઘટતા ધીરે ધીરે નિયંત્રણો દૂર કરવામાં આવ્યા છે ત્યારે લોકો બેદરકાર બન્યા હોય તેવું લાગી રહ્યું છે જાણે મોડાસાના વેપારીઓ ,ફેરિયાઓ અને શહેરીજનો જાણે કોરોનાની ત્રીજી લહેરને અતુરવા અધીરા બન્યા હોય તેમ માસ્ક વગર અને સરકારી ગાઈડલાઈનનો ઉલ્લઘન કરી રહ્યા છે

---

### ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મોતિસિંહ વસાવાએ

## દેડિયાપાડા સાગબારા તાલુકાનાં વિજ પ્રશ્નો અંગે ઉર્જા મંત્રી સૌરભ પટેલને પત્ર લખ્યો

રાજપીપલા, તા ૧૪

ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મોતિસિંહ વસાવાએ દેડિયાપાડા સાગબારા તાલુકાનાં વિજ પ્રશ્નો અંગે ઉર્જા મંત્રી સૌરભ પટેલને પત્ર લખ્યોછે. જેમાં ૧. તાત્કાલીક અસરથી ખેતીવાડીમાં દિવસે ૧૦ કલાક વિજળી આપવું અને દિવસનો સમય રાખવો કારણકે જંગલ વિસ્તાર છે અને હિંસક ઝેરી જાનવરોનું જોખમ રહેલ છે.

૨. હાલનાં વિજ ગ્રાહકોની સંખ્યા ને ધ્યાનમાં રાખી મોટો વિસ્તાર અને લાઇનો જંગલ માં લાંબીહોવાથી ખેતીની લાઇન માટે અલગ સ્ટાફ ફાળવવો જેથી સમય સર વિજળી મળે.

૩. ચિકદા ૬૬ કે.વી. નવી કચેરીનો સ્ટાફ મંજુર કરવો જેથી સમયસર વિજ સેવા મળી રહે.

૪. ખેતીવાડીનાં નવા જોડાણનાં ડી.પી. તાત્કાલીક મંજુર કરવા વિનંતી.

૫. જ્યાં ખેતીવાડીનાં જોડાણ નથી આપી શકાતા ત્યાં સોલર પેનલ રાહત દરે આપવી.

૬. અગાઉનાં કેબલો ખરાબ થયા હોવાથી નવા કેબલો નાખવા, કેબલ ફોલ્ટનાં લીધે જંગલ વિસ્તારનાં લોકોનેચોમાસા દરમીયાન ૨-૩ મહીના લોકોને અંધારામાં રહેવું પડે છે.

૭. ખેતરમાં રહેતા લોકોને પણ માનવતાના ધોરણે ઘરવપરાની વિજળી આપવાની માંગ કરી છે

જ્યોતિ જગતાપ, રાજપીપલા

## જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના અધ્યક્ષપદે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઇ

# નર્મદા જિલ્લામાં જલજીવન મિશન હેઠળ અંદાજે રૂ.૩૯૫૩.૩૭ લાખના ખર્ચે ૫૫ ગામોના ૮,૭૪૩ ઘરોને આવરી લેતી ગ્રામીણ પેયજળ યોજના મંજૂર



### જલજીવન મિશન અંતર્ગત જિલ્લાના કોઇપણ ગામનું ઘર પીવાનાં પાણી માટેના નળ જોડાણ વિનાનું ન રહે તે માટે ઘડી કઢાયેલું સુચારૂં આયોજન

રાજપીપલા,તા ૧૪

નર્મદા જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના અધ્યક્ષપદે ગત. સોમવારે રાજપીપલા કલેક્ટરાલયના હોલ ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની યોજાયેલી બેઠકમાં નર્મદા જિલ્લાના ૫૫ ગામોના કુલ ૮,૭૪૩ ઘરોને આવરી લેતી રૂ.૩૯૫૩.૩૭ લાખના ખર્ચની પીવાના પાણીની ગ્રામીણ પેયજળ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરીની સાથે જ જિલ્લામાં ૧૦૦% નળ જોડાણની કામગીરી કરવા માટેની મંજૂરીઓ પૂર્ણ કરવામાં આવી છે, ત્યારે ૧૦૦% નળ જોડાણનો લક્ષ્યાંક સિદ્ધ કરવા રજુ કરાયેલ આયોજન મુજબ સમય મર્યાદામાં કામગીરી પુર્ણ થાય તે જોવાની શાહે ખાસ હિમાયત કરી હતી. સમિતિના સભ્ય સચિવ અને વાસ્મોના કાર્યપાલક ઈજનેર વિનોદ પટેલ, ઈન્ચાર્જ જિલ્લા આયોજન અધિકાર અલ્લારખા શેખ, જિલ્લા શિક્ષણાધિકારી જયેશભાઇ પટેલ, નાયબ માહિતી નિયામક યાકુબ ગાદીવાલા, ટ્રાયબલ સબ-પ્લાન, પાણી પુરવઠા, આરોગ્ય, ડીજીવીસીએલ, સિંચાઈ વગેરે વિભાગના પ્રતિનિધિઓ સહિતના સમિતિના સભ્યઓ તેમજ સંબંધિત અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગત સોમવારે યોજાયેલી ઉક્ત બેઠકમાં જિલ્લા કલેક્ટર ડી.એ.શાહ દ્વારા કેન્દ્ર સરકારના “જલ જીવન મીશન” અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ “નલ સે જલ” કાર્યક્રમ હેઠળ જિલ્લાની મંજૂર થયેલી અને પ્રગતિ હેઠળની યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરાઇ હતી. જિલ્લામાં મંજુર થયેલી ઉક્ત પીવાના પાણીની યોજનાઓમાં જિલ્લાના સાગબારા તાલુકાના સાગબારા, સેલંબા, ટાંકણી, પાટ તેમજ ગરૂડેશ્વર તાલુકાના ગઢેર,માંડણ (ગોરા), માંકણ ખાડા, પાણી સાદડીયા, સજનપરા, સમારીયા, સાંઢિયા, સોનગામ, સુરપાણ, ગોરા, ઝરવાણી, ઝેર તથા ડેડીયાપાડા તાલુકાના બોર, ખાપર, ખુડદી, નાની ભમરી, નાની સીંગલોટી, આંબાવાડી, બેબાર, ડેડીયાપાડા, ડુમખલ, કોકમ, માલ, મોરજડી, પીપલોદ, સામોટ, શીશા, ઉમરાણ, કણબીપીઠા, મોહુબડી, વાઘઉંમર, માથાસર તિલકવાડા તાલુકાના મોટી કામસોલી, રેંગણ, તિલકવાડા અને નાંદોદ તાલુકાઓના ગામકુવા, જીતનગર, કમોદીયા, કાનપોર, ખોજલવાસા, નવાગામ(રામગઢ), રામપરા(પાટણવાળુ), વાગેથા, વેરીસાલપરા, વીરસંગપુરા, પ્રતાપનગર, સેહરાવ, સીસોદ્રા, ખુમસગામ તેમજ નવાપરા (નિકોલી) ગામોનો ઉક્ત મંજુરીમાં સમાવેશ થાય છે.

તસવીર, :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# મહિલા સશક્તિકરણ અને પોષણ અભિયાન હેઠળ ગુજરાત સરકારનો નવતર અભિગમ

## તાલીમાર્થી મહિલાઓને બાગાયતી પાકોના મૂલ્યવર્ધન, કેનીંગ અને કીચન ગાર્ડનની તાલીમ અપાશે



ગુજરાત સરકારના બાગાયત વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ માટે બાગાયતી પાકોનું મુલ્યવર્ધન, કેનીંગ અને કીચન ગાર્ડન જેવા વિષયો પર તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત મહિલા તાલીમાર્થીઓને વૃતિકા સ્ટાઈપેન્ડ આપવાની યોજના હાથ ધરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત બાગાયતી પાકોનું મુલ્યવર્ધન ,કેનીંગ અને કીચન ગાર્ડન વિશેના વિષયો પર મહિલાઓને તાલીમ આપવામાં આવશે.

આ યોજના હેઠળ અરજદારને બે અને પાંચ દિવસની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ વર્ગમાં સંખ્યા ઓછામાં ઓછી ૨૦ અને વધુમાં વધુ ૫૦ રહેશે. આ તાલીમ માટેનો સમય દરરોજના સાત કલાકનો રહેશે. આ માટે મહિલા તાલીમાર્થીઓને નિયમ મુજબ ૨૫૦ રૂપિયા પ્રતિદિન વૃતિકા ( સ્ટાઈપેન્ડ) રૂપે આપવામાં આવશે. યોજના હેઠળ ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓનો સમાવેશ થાય છે.

આ માટે અરજદારે : https://ikhedut.gujarat.gov.in/ અરજી કરવાની રહેશે. અરજી કરવાની સમયમર્યાદા ૮/ ૭/ ૨૦૨૧ થી ૩૧/ ૧/ ૨૦૨૨ સુધી રહેશે.વધુ માહિતી માટે મદદનીશ બાગાયત નિયામકશ્રીની(ફ. ૫)ની કચેરી બેરેક નંબર ૨ ,પોલિટેકનિક કમ્પાઉન્ડ ,આંબાવાડી અમદાવાદ-૧૫ ફોન નં :- ૦૭૯૨૬૫૭૭૩૧૬ પર સંપર્ક કરવો. ઉલ્લેખનીય છે કે મહિલા સશક્તિકરણ અને પોષણ અભિયાનના ભાગરૂપે મહિલાઓને કુશળ માનવબળ તરીકે તૈયાર કરવાનો આ યોજનાનો ઉદેશ છે.

# અમેરીકા-કેલિફ્રોર્નિયાના ઓરેન્જના પ્રસિધ્ધ શહેર અર્વાઈન ખાતેની શ્રીનાથજી હવેલીમાં ’રથયાત્રાની ઊજવણી

દક્ષિણ કેલિફોર્નિયાની ઑરેન્જ કાઊન્ટીના અર્વાઈન ખાતેની ‘ વૈષ્ણવ સમાજ ઑફ સધર્ન કેલિફોર્નિયા ‘ ( VSOSC ) સંચાલિત શ્રીનાથજી હવેલી, અર્વાઈન ખાતે રવિવાર તા.૧૧ મી જુલાઈના રોજ બપોરના સમયે રથયાત્રા ઉત્સવની ઉજવણી થઇ હતી. બપોરના ૧૨-૦૦ થી ૧૨-૧૫ સુધી તિલક દર્શન તેમજ આરતી કરવામાં આવી, ત્યાર બાદ ૧૨-૩૦ થી ૧-૦૦ સુધી હવેલીના મુખ્યાજી શ્રી પંકજભાઈ વ્યાસજી દ્વારા રથયાત્રા કાઢવામાં આવી હતી અને ૧૨-૪૫ વાગે રથની આરતી ઉતારવામાં આવી હતી.તથા મુખ્યાણીજી શ્રીમતિ નેહાબેન વ્યાસના મધુર કંઠે શાસ્ત્રીય રાગમાં પદોનું ગાન થયું હતું. ત્યાર બાદ વૈષ્ણવો દ્વારા ભજનો અને રાસલીલા વગેરે કરવામાં આવેલ... આ પ્રસંગે સારી એવી સંખ્યામાં ભાવિક વૈષ્ણવો ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમમાં સહભાગી થયા હતા. અંતમાં દરેક વૈષ્ણવોને પાત્રમાં પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખાસ ઙ્કૈંઙ્ઘ ૧૯ અંગેની રાજ્યની ગાઈડ લાઈન મુજબ સાવધાની રાખવામાં આવી હતી. આ પ્રસંગના મુખ્ય મનોરથી શ્રીમતિ હંસાબેન તથા નરેનભાઈ પટેલ હતા, અંતમાં મુખ્યાજી દ્વારા ઉપરણું ઓઢાડીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું




આજ રોજ હિન્દુ ધર્મ વિશે તથા જ્ઞાતિ જાતિ અને ધાર્મિક લાગણી દુભાય તે પ્રકારના ઉશ્કેરીજનક શબ્દો બોલી અને સમાજ અને રાષ્ટ્રની પ્રગતિને આંતરિક વિખવાદ માં નાખવાના હેતુથી તથા રાજકીય લાભ લેવા હલકી માનસિકતા રાખનાર ગોપાલ ઈટાલીયા નામના શખ્સે જે શબ્દો વહતા મુકેલા છે તે ખૂબ જ નિંદનીય બાબત છે.

માટે આવા કૃત્ય કરનાર ની સામે ગુનો નોંધી પ્રદેશમાં અરાજકતા ફેલાવવાનો જે પ્રયત્ન કરેલો છે તેનો બ્રહ્મ સેના સાબરકાંઠા જિલ્લા પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી અતુલભાઈ દીક્ષિત તથા સમસ્ત બ્રહ્મસમાજ હિંમતનગરના પ્રમુખશ્રી હર્ષદભાઈ પાઠક તથા મહામંત્રી શ્રી સર્વાનંદ ભટ્ટ તથા ઉપપ્રમુખ મુકેશભાઈ જાની તથા નિમેષભાઈ ત્રિવેદી તથા જયેશભાઈ જોશી, મનોજભાઈ પુરોહિત, દેવાંગ શુક્લા , ભાવના બેન તથા બ્રહ્મ સમાજના અન્ય આગેવાન શ્રીઓ આજરોજ કલેકટરશ્રીને આવેદનપત્ર આપી સખત કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે

## સરકારી વિભાગોના કર્મીઓને “સ્ટાર્ટઅપ ઇકોસીસ્ટમ” થી માહિતગાર કરાયા

# અમદાવાદ જિલ્લા ઉધોગ કેન્દ્ર અને એલ.જી.ઇન્સ્ટીટ્યુટના સંયુક્ત ઉપક્રમે ઉધોગ સાહસિકતા અંગે જાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન

ભારતમાં સ્ટાર્ટઅપની સફળતાનો દર ૫ થી ૬ ટકા જેટલો છે અને તેમાંથી માત્ર ૧ ટકા સ્ટાર્ટઅપ જ ઉતકૃષ્ટ પ્રદર્શન કરે છે તેમ ઈડીઆઈના પૂર્વ ડાયરેક્ટર શ્રી દિનેશ અવસ્થીએ જણાવ્યું હતુ.

અમદાવાદ જિલ્લા ઉધોગ કેન્દ્ર અને એલ.જી. ઈન્સ્ટીટ્યુટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંગેના સેમિનારમાં શ્રી દિનેશ અવસ્થીએ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. જયારે બીજી તરફ ગુજરાતમાં શરૂ થતા સ્ટાર્ટઅપ માંથી ૫૫ થી ૬૦ ટકા સ્ટાર્ટઅપ સફળ રહે છે તેમ ગુજરાત સ્ટાર્ટઅપ સેલના સંયુક્ત કમિશ્નર શ્રી ડી.આર.પરમારે જણાવ્યું હતુ.

તેમણે સ્ટાર્ટઅપ વિશે વિશેષમાં કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા રાજયભરમાં ૨૦૦ થી વધુ ઈક્યુબેટર્સ કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઈક્યુબેટર્સમાં રાજયના ઉધોગ સાહસિકો, આંતરપ્રિન્યોર્સ અને ઈનોવેટિવ વિચાર ધરાવતા યુવાનોના નવવિચારને વેગ મળી રહ્યો છે. દિનેશ અવસ્થીએ વિશેષમાં કહ્યું કે, વિધાર્થીકાળથી જ બાળકોના ઈનોવેટીવ વિચારોને સાચી દિશા, માર્ગ મળે, બાળકોને પ્લેટફોર્મ પ્રાપ્ત થાય તો તેમાંથી બનતા સ્ટાર્ટઅપ સમાજમાં લાંબાગાળાની અસરકારક અસરો છોડે છે. પ્રત્યુત્તરમાં સંયુક્ત કમિશ્નરશ્રીએ કહ્યું કે, બાળકો,વિધાર્થીઓના નવોનમેષ વિચારોને સાચી દિશા આપવાના હેતુથી જ રાજ્યની કૉલેજ સહિત વિવિધ સ્થળોએ ઇનક્યુબેટર્સ કાર્યરત છે. જેમાં તજજ્ઞો દ્વારા આ નવવિચારો પર કાર્ય કરવામાં આવે છે.તેમાંથી સ્ટાર્ટઅપ ડેવલપ કરીને તેને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મળે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

શ્રી દિનેશ અવસ્થીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી એ દેશમાં નવાવિચારોને વેગ આપવા અને દેશમાં જોબ સિકર કરતા જોબ ગિવરની સંખ્યામાં વધારો કરવા મેક ઈન ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડ ઈન્ડિયા જેવી પહેલ હાથ ધરવામાં આવી છે. તેઓએ વિશેષમાં કહ્યું કે, કોઈપણ સ્ટાર્ટઅપની સફળતા પાછળ ત્રણ પરિબળો ઈનોવશન (નવીનીકરણ),પ્રોડક્ટસ અને માર્કેટ રહેલા છે. આ ત્રણ ક્ષેત્રે સાચી દિશામાં પ્રયત્ન કરવામાં આવે તો કોઈપણ સ્ટાર્ટઅપ જરૂરથી સફળતાના શિખરો સર કરે છે.

ગુજરાત સ્ટાર્ટઅપ સેલના સંયુક્ત કમિશ્વરશ્રી ડી.આર. પરમારે “ગુજરાત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ” વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી વિગતવાર માહિતી આપી હતી. તેઓએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ સ્ટાર્ટઅપનું વિઝન જોયું હતુ. તેમના કાર્યકાળ સમયથી જ ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ કાર્યરત રહી છે. આજે દેશમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત રાજયનું સ્થાન મોખરાનું છે.રાજ્ય સરકાર દ્વારા નવા વિચારો પર રીસર્ચ અને ડેવલપમેન્ટ કરવા માટે તમામ પ્રકારની માળખાગત સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

સંયુક્ત કમિશ્નર અને અમદાવાદ જિલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી બારહટે સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સની પરિક્લપના સમજાવી હતી.જિલ્લાના વિવિધ સરકારી વિભાગોના કર્મીઓમાં ગુજરાત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિશે જાગૃકતા કેળવાય તે માટેના વિચારો રજૂ કર્યા હતા. તેઓએ એમ પણ કહ્યુ કે વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણ દ્વારા પણ સ્ટાર્ટઅપ મિશનના સૂત્રને મૂર્તિમંત કરી શકાય છે.

અમદાવાદ જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારી-કર્મચારીઓને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમથી માહિતગાર કરવા, નવી નીતિઓ વિશે સમજૂતી આપવા માટે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.ઓનલાઇન માધ્યમથી પણ સરકારી કર્મીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

-અમિતસિંહ ચૌહાણ



આજરોજ તારીખ ૧૪ ના આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા સામે વર્ગ-વિગ્રહ કરાવવા તથા સમાજની લાગણી દુભાવવા માટે દોષિત હોય ધરપકડ કરવાની માગણી સાથે ગાંધીનગર જિલ્લાના તમામ હિન્દુ સમાજ, ગાંધીનગર બ્રહ્મ સમાજ, ગાંધીનગર કર્મકાંડી બ્રાહ્મણ, વિશ્વ હિન્દુ પરિષદ, સમસ્ત બ્રહ્મ વિકાસ પરિષદ, તથા દરેક ધાર્મિક સંસ્થાઓ તેમાં સાધુ-સંતોએ ગાંધીનગર કલેકટરશ્રીને ગોપાલ ઈટાલીયા ની ધરપકડ આવેદનપત્ર સુપરત કર્યું.

આ પ્રસંગે સુનિલ ભાઈ ત્રિવેદી - ટ્રસ્ટી સમસ્ત બ્રહ્મ વિકાસ પરિષદ ગુજરાત, અશ્વિનભાઈ ત્રિવેદી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત રાજ્ય કક્ષા ઉપપ્રમુખ , તુષાર રાવલ - પ્રદેશ યુવા પ્રમુખ સમસ્ત બ્રહ્મ વિકાસ પરિષદ, સાધુ સંતો, ગાંધીનગર કર્મકાંડ સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટ, કનૈયાલાલ પંડ્યા વગેરે ઉપસ્થિત રહીને કલેકટરશ્રી ને આવેદનપત્ર આપ્યું. આગામી સમયમાં ગોપાલ ઈટાલીયા કડક માં કડક કાર્યવાહી કરવા માગણી કરી છે

## દેડીયાપાડા તાલુકાના કમોદવાવ ગામની સીમમાં

# મોવીથી કમોદ વાવ તરફ જતા રોડની સાઇડમાં દારૂ ભરેલી ગાડી રોકતા પોલીસ કર્મીઓ સાથે દાદાગીરી

રાજપીપલા, તા ૧૪

દેડીયાપાડા તાલુકાના કમોદવાવ ગામની સીમમાં મોવીથી કમોદ વાવ તરફ જતા રોડનીસાઈડમાંદારૂ ભરેલી ગાડી રોકતા પોલીસ કર્મીઓસાથે દાદાગીરી કરવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.જેમાં મારૂતી સુઝુકીગાડી ચઢાવવા જતા મારી નાંખવાની કોશીશ કરી આરોપીઓએ પોતાની ગાડી અથાડતા એકને ઈજા થવા પામી હતી.ગાડીને નુકશાનની પણ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની ફરિયાદ ફરીયાદીગુલાબભાઈ જાતરભાઈ વસાવા( ઉ.વ ૪૭ આમ હેડ કોંસ્ટેબલ સાગબારા પોલીસ સ્ટેશન રહેવાસી હાલ સાગબારા પોલીસ લાઈન, તા.સાગબારા જી.નર્મદા મુળ રહે ચીકદા તા ડેડીયાપાડા જી નર્મદા )એ આરોપીઓ (૧) દિપકભાઇ ઉર્ફે ડીમ્પલભાઇ રમેશભાઇ પટેલ (રહે.ઉમરસાડી, માછીવાડ ,ચોટા ફળીયુ, તા. પારડી. જી.વલસાડ) (૨) અજયભાઈ રોહીતભાઈ ધોળી,( રહે. સરઇ , બંડાલ કુળીયા, તા.ઉમરગામ , જી. વલસાડ)સામે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદની વિગત અનુસાર આરોપીઓ (૧) દિપકભાઇ ઉર્ફે ડીમ્પલભાઇ રમેશભાઇ પટેલ રહે.ઉમરસાડી, માછીવાડ ,ચોટા ફળીયુ, તા. પારડી. જી.વલસાડ () અજયભાઈ રોહીતભાઈ ધોળી, રહે. સરઇ , બંડાલ ફળીયા, તા.ઉમરગામ જી. વલસાડ નાઓએ ગેરકાયદેસર રીતે પોતાના કબજાની ગાડી નંબર GJ 06 5 6205 મા ભારતીય બનાવટના ઇંગ્લીસ દારૂ ની હેરફેર કરી અંકલેશ્વર તરફ જતા દરમીયાન પોલીસે બાતમી આધારે આ ગાડી રોકવા પ્રયત્ન કરતા આરોપીઓએ પોતાની ગાડી રોક્યા સીવાય નાસીગયેલ હોઈ જે ગાડીનોપોલીસે પીછો કરેલ હોઈ અને ગાડીની વોચમાં રસ્તાની સાઇડમાં ઉભેલા પોલીસનો યુનિફોર્મધારી આ કામના ફરીયાદી તથા ફરીયાદી સાથેના સાહેદ જી.આર.ડી સભ્યોએ આરોપીઓના વાહન રોકવા સારૂ પ્રયત્ન કરી ઈસારો કરતા ફરીયાદી તથા સાથેના સાહેદ કર્મચારીઓને મારી નાંખવાના ઈરાદે આરોપીઓ ઈરાદા પુર્વક ફરીયાદી તથા સાહેદોનુ મોત નિપજાવવા સારૂ ફરીયાદી તથા સાહેદો ઉપર આરોપીઓએ પોતાનામારૂતી સુઝુકી કંપનીના 2D/- સીયાઝ કંપનીની મરૂન રંગની ગાડી ચઢાવવા જતા મારી નાંખવાની કોશીશ કરેલ.કબજામાંની GJ 06 HS ૫૨૦૫ પરંતુ ફરીયાદી તથા સાહેદો સાઇડ પર ખસી ગયેલ સાફેદ જી.આર.ડી કિનાભાઈ પ્રહલાદભાઇ વસાવાને આ આરોપીઓએ પોતાના કબજામાંની ગાડી વડે ટક્કર મારી મોઢાના ભાગે ઈજા પહોચાડી ફરીયાદીની વેન ગાડી નં GJ 24H 5558 ની સાથે આરોપીઓએ પોતાની ગાડી અથાડી દઈ નુકશાન કરી ગુનો કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ઝરવાણી ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેથી ભારતીય બનાવટનો દારૂ પકડાયો



રાજપીપલા, તા ૧૪

નર્મદાના ઝરવાણી ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ તથા બિયર ટીન કિ.રૂ.૧૭૪૦૦/-ના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમો તથા એક મોટર સાયકલ મળી કુલ કિ.રૂ ૩૭૪૦૦/ - નો પ્રોહી મુદ્દામાલ પકડી ગરૂડેશ્વર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એમ.આઈ.શેખ પોલીસ સબ ઈન્સ ગરૂડેશ્વર પોલીસ મથકે નાઈટ રાઉન્ડ પુર્ણ કરીપોલીસ મથકે પરત થયેલ ત્યારે ન બાતમી મળેલ કે ઝરવાણી તરફથી અલ્લેશભાઈ મંગુભાઈ તડવી (રહે સાંકવા તા.ગરૂડેશ્વર જી.નર્મદા )વાળો માથાસર તરફથી પરપ્રાતીય ઈંગ્લીશ દારૂ લઈ નીકળવાનો છે તેવી બાતમી આપતા પોલીસ સ્ટાફ તથા પંચોને સાથે રાખી ઝરવાણી ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીક રોડની વોચમાં હતા તે દરમ્યાન કાળા કલરની ડીસ્કવર મો.સા નં. ય્ત-૨૨-ઢ-૨૨૫૦ ઉપર બે સવારીમાં મો.સા ઉપર આગળના ભાગે એક થેલો મુકી તથા બન્નેની વચ્ચેના ભાગે એકથેલો મુકી મો.સા ચાલક અલ્પેશભાઈ મંગુભાઈ તડવી (ઉ.વ ૨૮ રહે સાંકવા તા.ગરૂડેશ્વર જી.નર્મદા) તથા તેની પાછળ બેસેલ અજિતભાઈ પુનીયાભાઈ વસાવા (રહે વાધપરા તા.ગરૂડેશ્વર જી.નર્મદા) રેઈડ દરમ્યાન પકડી પાડવામાં આવેલ.અને તેઓના કબજામાંથી મળી આવેલ થેલાઓમાંપાવર ૧૦૦૦૦ સુપર સ્ટ્રોંગ બિયર ૫૦૦ ના ટીન નંગ ૧૨૬ કિ.રૂ ૧૨૬૦૦/- તથારોયલ બ્લ્યુ મેલ્ટ વહીસ્કી ૧૮૦ સ.ન્ પ્લાસ્ટિકના કવોટરીયા નંગ ૪૮ કિ.રૂ ૪૮૦૦/- મળી કુલ રૂ ૧૭૪૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા આ મુદ્દામાલ ની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ મો.સા ડીસ્કવર નં GJ-22-22250 નુ કિ.રૂ.૨૦,૦૦૦/- મળી કુલ ૩૭૪૦૦/- નો પ્રોહી મુદ્દામાલઝડપી પાડેલ છે. બન્ને આરોપીઓની અટક કરવામાં આવેલ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## આજે ગાંધીનગર જિલ્લામાં ૪,૭૯૧ વ્યક્તિઓને કોરોનાની રસી અપાઇ

# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એકપણ કોરોનાનો કેસ ન નોધાયો

ગાંધીનગરઃ મંગળવારઃ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર તા. ૧૨ જુલાઇના ૫.૦૦ કલાક બાદ એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. તેમજ એકપણ વ્યક્તિનું મૃત્યૃ થયું નથી. આજે જિલ્લામાં કુલ- ૪,૭૯૧ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૫ લાખથી વધુ લોકોને કોવિડની રસી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં દાખલ દર્દીઓ ૫૬ છે. તેમજ ડિસ્ચાર્જ ૯,૬૪૪ દર્દીઓને કરવામાં આવ્યા છે. તેમજ ૨૦૦ વ્યક્તિઓ હોમ કવોરોન્ટાઇલછે.

કોરોનાને નાથવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ.કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌતમના માર્ગદર્શન હેઠળ આરોગ્ય તંત્રના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઇ સોલંકી અને તેમની ટીમ દ્વારા કોરોનાની રસીકરણ સુચારું રીતે થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

જેની ફલશ્રૃતિ રૂપે અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ- ૫,૩૩,૧૦૧ વ્યક્તિઓને કોવિડની રસી આપવામાં આવી છે. જેમાં ૪,૧૮,૫૪૫ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૧૪,૫૫૬ વ્યકતિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.